ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૪૩ | ૧ ઑગસ્ટ ૨૦૧૮ | પાના-૧૬ | વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી

**મુંબઈ, કાર્તિક વદ ૯, શુક્ર.૧૯૪૭**

જીવન્મુક્ત સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ, મોરબી.

મુનિ દીપચંદજી સંબંધી આપનું લખવું યથાર્થ છે. ભવસ્થિતિની પરિપકવતા થયા વિના, દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના ત્રણે કાળમાં માર્ગ મળવો દુર્લભ છે.

જીવને સંસાર પરિભ્રમણનાં જે જે કારણો છે, તેમાં મુખ્ય પોતે જે જ્ઞાન માટે શંક્તિ છીએ, તે જ્ઞાનનો ઉપદેશ કરવો, પ્રગટમાં તે માર્ગની રક્ષા કરવી, હૃદયમાં તે માટે ચળવિચળપણું છતાં પોતાના શ્રદ્ધાળુને એ માર્ગ યથાયોગ્ય જ છે એમ ઉપદેશવું, તે સર્વથી મોટું કારણ છે. આમ જ આપ તે મુનિના સંબંધમાં વિચારશો, તો લાગી શકશે.

પોતે શંકામાં ગળકાં ખાતો હોય, એવો જીવ નિ:શંક માર્ગ બોધવાનો દંભ રાખી આખું જીવન ગાળે એ તેને માટે પરમ શોચનીંય છે. મુનિના સંબંધમાં આ સ્થળે કંઈક કઠોર ભાષામાં લખ્યું છે એમ લાગે તોપણ તેવો હેતુ નથી જ. જેમ છે તેમ કરુણાર્દ્ર ચિત્તે લખ્યું છે. એમ જ બીજા અનંતા જીવ પૂર્વકાળે રખડ્યા છે, વર્તમાનકાળે રખડે છે, ભવિષ્યકાળે રખડશે.

જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિ:શંક અનુભવનું છે. બંધનનો ત્યાગ કર્યે છુટાય છે, એમ સમજ્યા છતાં તે જ બંધનની વૃદ્ધિ ર્ક્યા કરવી, તેમાં પોતાનું મહત્ત્વ સ્થાપન કરવું, પૂજ્યતા પ્રતિપાદન કરવી, એ જીવને બહુ રખડાવનારું છે. આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે, અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે, અને જરૂર તે છૂટે છે.

દીનબંધુની દ્રષ્ટિ જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં; બંધાવાના કામીને છોડવો નહીં. અહીં વિકલ્પી જીવને એવો વિકલ્પ ઊઠે કે જીવને બંધાવું ગમતું નથી, સર્વને છૂટવાની ઈચ્છા છે, તો પછી બંધાય છે કાં ? એ વિકલ્પની નિવૃત્તિ એટલી જ છે કે, એવો અનુભવ થયો છે કે, જેને છૂટવાની દ્રઢ ઈચ્છા થાય છે, તેને બંધનનો વિકલ્પ મટે છે; અને એ આ વાર્તાનો સત્સાક્ષી છે. એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઈચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે' માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે તો સારું અને તે માટે કેટલુંક મનન છે. દીનબંધુની ઈચ્છા પ્રમાણે થઈ રહેશે.

અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દ્રષ્ટિ છે. મહાવીર દેવે આ કાળને પંચમકાળ કહી દુષમ કહ્યો, વ્યાસે કળિયુગ કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિ:શંક સત્ય છે. કારણ, ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે, અર્થાત્ સંપ્રદાયોમાં રહ્યાં નથી અને એ મળ્યા વિના જીવનો છૂટકો નથી. આ કાળમાં મળવા દુષમ થઈ પડ્યાં છે, માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછા કરવા આશિષ આપશો. ઘણુંય જણાવવાની ઈચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઈચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઈચ્છના નિશ્ચળ છે. - **વિ. આજ્ઞાંકિત રાયચંદના દંડવત્. પત્રાંક ૧૭૬.**

**<u>લવાજમ ભરવાનું બાકી છે ?</u>**

**જે વાંચકોનું લવાજમ ભરવાનું બાકી છે તેમના ગ્રાહક નંબર પાના નં.૧૪ પર આપ્યા છે. શું આપનું લવાજમ બાકી છે ? તો તરતથી ભરી દેવા વિનંતી.- લિ. તંત્રીશ્રી**

## ચાર પ્રકારની બુધ્ધિ

**વૈનયિકી બુધ્ધિ:** આ બુધ્ધિ વિનયથી વધે છે. વિનયમાં અર્પણતા હોય છે તેથી બુધ્ધિ તીવ્ર બને છે. સ્મૃતિ તાજી થાય છે. એકલવ્ય ભીલ હતો. તે દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો. પણ ભીલ જાતિનો હોઈ ગુરુએ તેને શિષ્ય ન બનાવ્યો અને વિદ્યા શીખવવાની ના પાડી. એકલવ્યના મનમાં ગુરુનો વિનય ઉત્કટ હતો. તેણે ગુરુની પ્રતિમા સ્થાપી અને ખંતથી અભ્યાસ કરીને ધનુર્વિદ્યામાં પારંગતતા મેળવી. ગુરૂદક્ષિણામાં ગુરુએ જમણા હાથનો અંગૂઠો માગ્યો તો અચકાયા વગર તેણે તે આપ્યો અને ડાબા હાથે બધું ચલાવી લીધું. આ છે વૈનયિકી બુધ્ધિ.

**ઔપપાતિકી બુધ્ધિ:** આનુ ઉત્તમ ઉદાહરણ છે બીરબલનું હાજર જવાબીપણું. એવો જ બીજો દાખલો મહારાજ શ્રેણીકના દરબારમાં ઉપસ્થિત અભયકુમારનો, જેમણે માંસ દુનિયામાં સૌથી સસ્તી ચીજ છે એવું કહેનારા દરબારીઓને પુષ્કળ સોનુ આપવાની ઓફર કરી, છતાં તેઓએ પોતાના શરીરનું માંસ આપવાનો ઈન્કાર કર્યો આમ આ દરબારીઓ પાસેથી અભયકુમારે પોતાની બુધ્ધિથી કબૂલાત કરાવી કે માંસ દુનિયાની સૌથી સસ્તી ચીજ નથી. આ છે ઔપપાતિકી બુધ્ધિ.

**કાર્મિકી બુધ્ધિ:** કર્મથી ખીલનારી બુધ્ધિનું નામ કાર્મિકી છે. સુથારનો દીકરો સુથારકામ તરત શીખી શકે; તેમ જુદા જુદા કર્મવાળાં માણસોનાં સંતાનોને તે તે કામની બુદ્ધિ સહેજે આવે તે કાર્મિકી બુદ્ધિ છે.

**પારિણામિકી બુધ્ધિ:** કાર્યકારણભાવથી કે પ્રયોગ વડે જેવું પરિણામ આવે તે જોઈને જે બુધ્ધિ ખીલે તેને પારિણામિકી બુધ્ધિ કહેવામાં આવે છે. એક સત્યાર્થી સાધક જેમકે ગાંધીજી જેવા સત્યના પ્રયોગો પાછળ જીવન ખપાવી દે અને તેમને જે બુધ્ધિ પ્રાપ્ત થાય તે આવી બુધ્ધિ હોય છે. એવી જ રીતે વૈજ્ઞાનિકોને પ્રયોગો વડે આવી બુધ્ધિ મળે છે. આ બુધ્ધિ પુસ્તકો કે શાસ્ત્રોમાંથી મળતી નથી.

ઉપરની ચારેય પ્રકારની બુધ્ધિનો સદુપયોગ કરતાં તેની કાર્યક્ષમતા વધે છે પણ દુરુપયોગ કરવાથી ઘટે છે. ગીતામાં સદુપયોગ કરનારી બુધ્ધિને વ્યવસાયાત્મિકા બુધ્ધિ કહી છે :-

''व्यवसायात्मिका बुद्धि रेकेह कुरुनंदन!''

સર્વ હિતકારી સત્ય માર્ગે ઉપયોગ કરવાથી પણ બુધ્ધિ કાર્યક્ષમ બને છે અને ઝડપથી તે શુધ્ધ નિર્ણય લઈ શકે છે. બુધ્ધિ શુધ્ધ અને નિર્મળ ત્યારે થાય છે જ્યારે લોભ, મોહ, માયા, ક્રોધ, ફળની આસક્તિ વગેરે દોષોથી તે ઘેરાયેલી ન હોય. શુદ્ધ અને પવિત્ર બુધ્ધિ થતાં માણસ સ્થિતપ્રજ્ઞ બને છે. આવી બુધ્ધિ તારક બને છે.

જ્યારે બુધ્ધિનો દુરુપયોગ થાય છે કે કરવા દેવામાં આવે છે ત્યારે તે બુધ્ધિ મારક બને છે. આજે વિશ્વના રાજકારણના પુરૂષોની તેમજ વૈજ્ઞાનિકોની બુધ્ધિ ખૂબજ પ્રખર છે, પણ તેના ઉપર અંકુશ ન હોવાથી કે ખોટા સ્થાપિત હિતોવાળાના અકુંશ તળે હોવાથી, તે સ્વચ્છંદ બુધ્ધિ ઉલ્ટે રસ્તે, સંહારને માર્ગે વપરાય છે. તેમજ તે સ્વ-પર-મારક બને છે.

આઈસ્ટાઈનની બુધ્ધિ કેટલી પ્રખર હતી? પરમાણુસ્ફોટની દિશા તેણે શોધી પણ અમેરિકાના હાથે તે શોધ વેચાઈ જવાથી આઈસ્ટાઈન પોતાની બુધ્ધિનો સદુપયોગ ન કરી શક્યો અને અંતે તેને પ્રશ્ચાતાપ થયો. જ્યારે અમેરિકનોએ પોતાના રાજકારણ માટે તેમજ વિશ્વયુદ્ધ બંધ કરાવવા માટે હિરોશીમા અને નાગાસાકી ઉપર તે બૉંબ ફેંકી, ક્રુરતા આચરવી પડી.

**- મુનિશ્રી સંતબાલજી, ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ-૧૦**

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ચાર પ્રકારની બુધ્ધિ | મુનિ શ્રી સંતબાલજી | ૨ |
| તંત્રીલેખ : ગાંધીને જીવતો કરીએ | રમેશભાઈ દોશી | ૩ |
| મહાત્મા ગાંધીજીના વિચારો | પ્રે. તુલસીદાસ સૌમેયા | ૪ |
| માતાપિતાનો સંસ્કાર વારસો | પ્રફુલ્લ દવે | ૫ |
| સ્વરાજચિંતન | મહેન્દ્રભાઈ મેઘાણી | ૬ |
| એટમબોમ્બ વિરુધ્ધ ગાય | સ્વ. વેણીશંકર વાસુ | ૭ |
| શિક્ષણ અને શીંગડા | ભદ્રાયુ વચ્છરાજાની | ૮ |
| નર્મદાના કાંઠે ખાલીપો | ધ્રુવ ભટ્ટ, દિવ્યા ભટ્ટ | ૯ |
| ઉન્નતિનો પાયો | પ્રે. જતીન દોશી | ૯ |
| ચારિત્ર્યની ઓળખ | મનસુખ સલ્લા | ૧૦ |
| નવી જમાત | મકરંદ દવે | ૧૧ |
| પ્લાસ્ટિક અને પર્યાવરણ | સોનલ શુક્લ | ૧૨ |
| ''ઓક્ષીટોસીન'' બંધી | પ્રે. શાંતિલાલ ગડા | ૧૩ |
| લવાજમ બાકી રહેલ ગ્રાહકોનું લીસ્ટ | - | ૧૪ |
| કવિતા | મકરંદ દવે | ૧૫ |
| શ્રમદાન (સત્ય ઘટના) | પ્રે. રમેશભાઈ દોશી | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

# ચાલો, ગાંધીને ફરી જીવતો કરીએ

આજે વિશ્વ ખાસ તો ભારત બેરોજગારી, આતંકવાદ, ભ્રષ્ટાચાર, અનામત, ખેડૂતોની માઠી દશા, ગોવંશ હત્યા, કાશ્મીર આમ અનેક પ્રશ્નોથી ઘેરાઈ ગયું છે. પ્રશ્ન છે તો એના જવાબો પણ હોવાના જ અને હોય છે એ આપણે શોધવા રહ્યા. આપણે શાંત સ્થિર બેસીએ તો નિજની અંદર જ જવાબો હોય છે અને મળે છે.

સારુ વિશ્વ ભયના ઓથારમાં જીવી રહ્યું છે. પ્રબુધ્ધજનોને લાગે છે કે આનો સાચો ઉપાય જો ક્યાંયથી મળે તેમ હોય તો તે ભારતમાંથી જ મળશે. એટલે ભારતીય તરીકે આપણી બહુ મોટી જવાબદારી છે.

વરસોથી ચિંતન, મનન, સ્વાધ્યાય, મૌન, એકાંત આ પ્રશ્નોના કે વિશ્વશાંતિના અર્થે ચાલતા રહ્યા અને એનો સાચો જવાબ પણ મળ્યો છે.

આપણે સ્વયં શિસ્ત અનુશાસન કે નાગરિક તરીકેની મુલભૂત ફરજો નથી પાળતા અને એ પ્રત્યે દુર્લક્ષ રહ્યું છે. ખાસ કરીને ભેળસેળ, નકલી ઘી, દુધ, મસાલાઓ, ખાતર, બીયારણ, દવાઓ કંઈ વસ્તુમાં ભેળસેળ નથી એ શોધવું મુશ્કેલ છે. આ ભ્રષ્ટાચાર પ્રત્યે નેતા, પાર્ટી, સરકાર સહુ પરમ ઉદાસીન છે અને પ્રજા ખુદ ઉદાસીન છે. ક્યારેક તો લાગે ભગવાન ભરોસે આ દેશ ચાલી રહ્યો છે. અહિં કાયદાઓ તો છે પણ એ સરકારી નોકરોના ખિસ્સા ભરવા માટે છે અને પ્રજા પણ લાંચ દઈને છુટી જાય છે. ખાસ તો ભેળસેળના ભ્રષ્ટાચારે માઝા મૂકી છે, દર્દો અને દવાખાનાઓ રોજેરોજ વધતા જાય છે. ગામડાઓ, નાના શહેરોમાં સરકારી દવાખાના નામ પુરતા જ છે. મહાનગરોમાં જે દવાખાનાઓ છે તે કંઈક સારી સ્થિતિમાં હશે પણ સેવા ?

પ્રજા ઈચ્છે છે, સુપ્રિમ કોર્ટે પણ કહ્યું છે, ચુંટણી પંચે પણ સુચન કર્યું છે કે ગંભીર ગુનાઓમાં જે સંડોવાયેલા છે તેઓ પ્રજાના પ્રતિનિધિ તરીકે ચુંટણી ન લડી શકે, કંઈક નિયમન કાયદો જરૂરી છે. આમ અત્યંત જરૂરી સહુને લાગે છે પણ કોઈ પણ સરકારે આ દિશામાં કશું જ કર્યુ નથી. આ અંગે નથી કોઈએ આંદોલન કે ઉપવાસ ર્ક્યા જે જરૂરી છે એના માટે કોઈ કશું વિચારતું જ નથી.

હવે તો એક જ ઉપાય છે, ''ભગવાન બચાવે''

આપણે જાગીએ તો ભગવાન બચાવેને! પ્રથમ આપણે જાગવું જરૂરી છે. આપણે નિર્ણય કરીએ કે ભ્રષ્ટાચારને ભગાવીને જ રહીશું તો ભ્રષ્ટાચાર તો ભાગવા તૈયાર છે. પરિસ્થિતિ ચારે બાજુથી વિકટ છે. છતાં નિરાશ થવાની જરૂર નથી. અસત્યના પાયા વગરના મકાન પર આ બધા પ્રશ્નો ચાલે છે તેને દૂર થતા વાર કેટલી? આપણે જાગીએ. પ્રશ્નો છે તો તેનો જડબાતોડ જવાબ સત્ય અહિંસાના માધ્યમે આપીએ અને સાચો સમ્યક્ ઉકેલ સત્ય અહિંસાથી જ મળશે. આપણે જાગશું તો સત્ય જ આપણને તથા આવતી અનેક પેઢીઓને-વિશ્વને બચાવી શકશે. એવી શક્યતા માત્ર અને માત્ર ભારતભૂમિમાં છે.

બધા પ્રશ્નોનો સમ્યક્ ઉકેલ ગોવંશ-ગોરક્ષા-એટલે કે જળ-જમીન-જંગલ અને જાનવરની રક્ષામાં છે. ધરતી જ સાચી સમૃધ્ધિનો આધાર હતી, છે અને રહેશે. સમ્યક્ વિકાસ ગોઆધારિત જીવનમાં જ છે આ અમને અનુભવે સ્પષ્ટ સમજાયું છે. ઉરુગ્વે, બ્રાઝીલ જેવા દેશો આપણી જ ભારતીય ગોવંશના આધારે સમૃધ્ધિ ભોગવી રહ્યા છે એ સહુ આપણે હવે જાણીએ છીએ. જેમ મળેલા બહુમૂલ્ય માનવ જીવનું મૂલ્ય આપણને નથી સમજાયું એમ જ આવા ઉત્તમ ગોધન પ્રત્યે આપણે દુર્લક્ષ સેવ્યું છે એ જ આપણી દુર્ગતિનું કારણ છે. ખેતીમાંથી પશુઓ છૂટતા ગયા, કેમીકલ ખાતર, જંતુનાશકોનો ઉપયોગ વધતો ગયો, એ ઝેરનો અંશ બધી ખેત પેદાશોમાંથી માણસોમાં આવ્યો. લાખો માણસો એથી માંદા થયા, મર્યા અને હજી મરી રહ્યા છે. 'વાવે તેવું લણે' એ ન્યાયે હજારો ખેડૂતોને આપઘાત કરવાની દુ:ખદ ઘટનાઓ જોવી પડી.

પ્રથમ આ પ્રશ્ન ઉકલે તો બીજા પ્રશ્નો હલ થાય. પણ વિકટ પ્રશ્ન બની ગયો છે ગોરક્ષાનો. પ્રથમ એ પ્રશ્ન હાથમાં લેવાથી સમાજમાં-પ્રજામાં વિવાદ વિખવાદ વધવાના ચાંસ વધારે છે. તો કરવું શું? એટલે ભગવાને સહેલો સહુ કરી શકે તેવો ઉપાય બતાવ્યો.

એક નાગરિક તરીકેની આપણી ફરજો આપણે બજાવીએ. સ્વયં શિસ્ત, સ્વયં અનુશાસન એ જ ઉપાય છે. ખાસ તો શહેરો કે ગામડાઓ સહુએ સ્વચ્છતા અંગે હવે જાગૃત થવું પડશે. ''ધરતીનું ધરતીને પાછુ આપીએ'' આ નિયમ ચરિતાર્થ કરવો પડશે. કચરો એ કંચન છે આપણે સાબિત કરવું પડશે. આપણી જાગૃતિની એ નિશાની બનશે. હવે ઝીરો ગારબેજ પધ્ધતિ કર્યા વગર ચાલે તેમ નથી. ડમ્પીંગ ગ્રાઉન્ડથી કેવી વિકટ પરિસ્થિતિ થઈ છે તે આપણે સહુ જાણીએ છીએ. વિદેશોની આ સ્વચ્છતાની આપણે વાતો કરીએ છીએ, બધું વિદેશોનું અપનાવતા થયા છીએ તો આ કેમ નથી અપનાવતા? એવો જ વિકટ પ્રશ્ન પ્લાસ્ટીકનો થયો છે. પ્રજાની પાસે જ આનો જવાબ

છે અને પ્રજાએ સ્વયં એ ઉકેલ્યા વગર છુટકો નથી. ૨૧ મે ૨૦૧૮ ના ગુ. સમાચારમાં સમાચાર હતા કે ગુજરાતના દરિયામાં માછલી ખૂટી પડી. દસ હજારથી વધુ બોટ વહેલી પરત ફરી. હજારો માછીમારો બેકાર બની ગયા. કારણ દરિયાકાંઠામાં વધી રહેલું પ્રદુષણ, દરિયામાં સતત ઠલવાઈ રહેલો પ્લાસ્ટિકનો કચરો વિગેરે.

સરહદે સંત્રી તરીકે ફરજ બજાવતા સૈનિકોનું આપણને ગૌરવ છે. આપણે સહુ પણ એમની સાથે છીએ એ માત્ર વાતોથી નહિ પણ આપણી એકતાથી, જાગૃતિથી હવે સાબિત કરવાનો અવસર આવી ગયો છે. એ સાબિત કરશું ત્યારે જ જેમ આપણને સૈનિકનું ગૌરવ છે એમ સૈનિકને પણ ગૌરવ થશે કે અમારી શહીદી લેખે લાગી છે. ફરજ બજાવ્યા વગર હક મળશે નહિ, મળતા નથી, હક માંગવાથી નથી મળતા, ફરજ બજાવીને જ મળે છે અને તો જ એ હકનો આનંદ મળે. આપણી સાવ નાની નિજી ફરજ સ્વચ્છતાની ન બજાવી એટલે જ કેટલા બધા હકોથી આપણે વંચિત રહ્યા છીએ એ વિચારશું તો આપણું માથું શરમથી ઝુકી જશે. આ તરસી ધરતીને તૃપ્ત કરીએ. એ જ ઉપાય છે ગાંધીને જીવતો કરવાનો. એ જ ઉપાય છે સ્વબચાવનો. એ જ ઉપાય છે જળ જંગલ જમીન જાનવર રક્ષાનો. પ્રશ્નો હતા નહિ, આપણે જ આપણી ફરજથી ચ્યુત થયા તેથી પ્રશ્નો ઉભા થયા આપણે જ જવાબ આપવો રહ્યો.

ગાંધી શ્રીમદ્‌ની ચેતના આપણને મદદ કરવા તૈયાર છે. ''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'' આ છે સમ્યક્ ક્રાંતિનું સૂત્ર. સત્પુરુષો તો મદદ આપવા હંમેશા તૈયાર જ હોય છે. એ ચેતનાનો દીવો હંમેશા ઝળહળતો રહે છે. આપણે આપણો દીવો પ્રગટાવીએ એ ચેતનાના માધ્યમે ઉપાય એક જ છે નિજી ફરજ બજાવીએ. ગાંધી ફરી જીવતો જાગતો થાય, થઈ શકે છે એ ફરી જીવતો કરવો એ આપણા હાથની પ્રજાની વાત છે. પેલી ચેતનાની મદદ તો જ મળે જો આપણે આપણી ફરજ બજાવીને માંગીએ તો. ગાંધી આવવા દરવાજો ખખડાવી રહ્યો છે, આપણે ખોલશું ?

**- શ્રી રમેશભાઈ દોશી**

**આત્મસ્વરૂપની ઓળખ વગર ભયમુક્તિની આશા રાખવી તે તો ઝાંઝવાના જળથી તૃષા તૃપ્ત થવાનો નિષ્ફળ પ્રયત્ન માત્ર છે.**

## મહાત્મા ગાંધીજીના વિચારો

**પ્રાર્થના :** રાજદ્વારી ક્ષિતિજમાં આજે મારી સામે નિરાશાનો ઘનઘોર અંધકાર હોવા છતાં, હું કદી શાંતિ ખોઈ બેઠો નથી. એ શાંતિ પ્રાર્થનામાંથી જન્મી છે એ તમે જાણી લેજો. હું વિદ્વાન નથી પણ ભક્ત હોવાનો દાવો નમ્રપણે કરું છું. પ્રાર્થનાનું રૂપ કેવું હોય એ સંબંધમાં હું ઉદાસીન છું. પરંતુ કેટલાક સ્પષ્ટ ચીલાઓ છે, અને પ્રાચીન ઋષિઓએ પાડેલા ચીલા પર જવું એ સલામત ચીલો છે. **(યંગ ઈંડિયા, ૨૪.૯.૧૯૩૧, પૃ.૨૭૪)**

**શ્રદ્ધા :** શ્રદ્ધા વિના તો આ દુનિયા ક્ષણવારમાં શૂન્યમાં મળી જાય. જે માણસોએ પ્રાર્થના અને તપસ્યાથી પવિત્ર થયેલું જીવન ગાળ્યું છે તેના બુદ્ધિશુદ્ધ અનુભવનો આપણે ઉપયોગ કરવો એનું નામ તે સાચી શ્રદ્ધા. તેથી, અતિ પ્રાચીન યુગમાં થઈ ગયેલા ઋષિઓ, પેગંબરો અને અવતારો પર શ્રદ્ધા રાખવી એ નર્યો વહેમ નથી, પણ અંતરમાં ઊંડે ઊંડે જે આધ્યાત્મિક ભૂખ રહેલી છે તેની તૃપ્તિ છે. **(યંગ ઈંડિયા, ૧૪.૪.૧૯૨૭, પૃ.૧૨૦)**

**અહિંસા :** અહિંસા હિંસા કરતાં જુદી જ રીતે કામ કરે છે. એની રીત ઊલટી છે. જેમ સશસ્ત્ર માણસ સ્વાભાવિક રીતે પોતાનાં શસ્ત્રો પર આધાર રાખે છે, તેમ જે માણસ જાણી જોઈને નિઃશસ્ત્ર થઈ જાય છે, તે એ અદ્રશ્ય શક્તિ પર આધાર રાખે છે, જેને કવિયો ઈશ્વર કહે છે અને વૈજ્ઞાનિકો 'અજ્ઞાત' કહે છે. સર્વે જ્ઞાત તેમ જ અજ્ઞાત શક્તિઓના આધારરૂપ શક્તિ તે જ ઈશ્વર છે. એ આધારશક્તિ પરની વિશ્વાસ વિનાની અહિંસા કચરામાં નાખી દેવા જેવી નકામી વસ્તુ છે. **(હરિજન, ૨૮.૬.૧૯૪૨, પૃ.૨૦૧)**

**પાપોનો એકરાર :** મારાં અનેક પાપોનો મેં ખુલ્લેખુલ્લો એકરાર કર્યો છે. પણ એ પાપોનો ભાર માથે લઈને હું ફરતો નથી. મને લાગે છે કે હું ઈશ્વર પ્રત્યે પ્રગતિ કરી રહ્યો છું. જો એ ખરું હોય તો મારું કુશળ જ છે. કેમ કે હું ઈશ્વરના સાંનિધ્યમાં પ્રકાશની હુંફ અનુભવું છું. મારાં તપ, અનશન અને પ્રાર્થના મને સુધારશે એવો આધાર રાખીને હું બેસી રહું તો એ બધાની કશી કિંમત નથી એ હું જાણું છું. પણ આશા રાખું છું કે એ બધાં એક આત્માની તેના સર્જનહારને ખોળે એનું થાકેલું શિર મૂકી દેવાની તાલાવેલીનાં લક્ષણો છે. એમ હોય તો એ બધાની પાર વિનાની કિંમત છે. **(હરિજન, ૧૮.૪.૧૯૩૬, પૃ.૭૭)**

**પ્રે. તુલસીદાસ સૌમેયા**

## માતાપિતાનો સંસ્કાર વારસો

દાંપત્યજીવનના પ્રથમ દિવસે જ વિમલાજીના માતા જેને બધા આક્કા કહેતા હતા, તેઓએ બાપુસાહેબને કહ્યું, ''તમે ફોજદારી કેઈસ લેશો નહીં. સિવીલ પ્રેકટીસ કરજો''. બાપુસાહેબ કહે કે એમાં ઝાઝી ફી નહીં મળે. ત્યારે આક્કાએ કહ્યું, ''ઓછા પૈસા મળશે તો ઓછામાં ચલાવીશું પરંતુ જુઠાણા પર આધારિત પાપનું ધન ઘરમાં આવશે અને કાલે ઉઠીને બાળકો થશે તો બાળકોને સાચું બોલવાનું કઈ રીતે કહીશું? મારે વધુ ધન નથી જોઈતું. પરંતુ માથું ઉંચુ રાખીને ગર્વથી કહી શકું કે અધર્મનો પૈસો અમારા ઘરમાં નથી.'' સંસ્કારની આ ધરાતલ પર વિમલાજીનું બચપણ વીત્યું.

બાપુસાહેબ ક્રાંતિકારી વિચારના હતા. નાત-જાતમાં માનતા નહીં. એમના એક હરિજન અસીલને ત્યાં સત્યનારાયણ ભગવાનની પ્રસાદી લીધેલી. જેથી બ્રાહ્મણોએ એમને નાત બહાર મૂકેલા. દીકરાઓને જનોઈ આપતી વખતે કોઈ બ્રાહ્મણ પુરોહિત ન આવ્યા તો પોતે જ પુરોહિત બનેલા.

બાળકોને બુદ્ધ, મહાવીર, જિસસ વગેરે સંતોની વાતો કહેતા. તેઓ માનતા કે બાળકો ભારતના સાચા નાગરિક બને અને ભારતમાં જેટલા ધર્મો પળાય છે તેની જાણકારી હોય. તેઓના મિત્ર અનીસુદીન ચાચા દ્વારા બાળકોને કુરાન શરીફનો અભ્યાસ કરાવેલો.

બાપુસાહેબ પોતે પાકશાસ્ત્રના નિષ્ણાત હતા. તેને કારણે વિમલાજી તથા અન્ય ભાઈઓ-બહેનોને પણ રસોઈ કરતાં શીખવેલી. તેઓએ શિરસ્તો રાખેલો કે વેકેશનમાં બાળકો જ રસોઈ બનાવે. બધાં કામો સ-રસ રીતે કરતા આવડતા જોઈએ અને કોઈ કામમાં નાનપ ન લાગવી જોઈએ એવું શિક્ષણ તેઓએ બાળકોને આપેલું. બાળકોને કસરતો કરાવતા અને બધાંને તરતા પણ શીખવાડેલું. વિમલાજીએ તો તરણસ્પર્ધામાં ઈનામો પણ પ્રાપ્ત કરેલા.

વિમલાજી અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતાં. દર વર્ષે સ્કોલરશીપ પણ મેળવતા. મેટ્રીકની પરીક્ષામાં પ્રથમ આવ્યા, ૫૦ રૂપિયાની સ્કોલરશીપ મળી, મોટાભાઈ પણ ઈન્ટરમાં પાસ થયેલા. આના ઉત્સાહમાં ઘેર આવ્યા અને કહ્યું કે આજે અમે સારા માર્કસે પાસ થયા છીએ તેથી રસોઈ અમે નહીં બનાવીએ. બાપુસાહેબ કહે, 'ઠીક છે. આજે બધા ઉપવાસ કરીશું'. વિમલાજીએ પૂછયું, ''ઉપવાસ શા માટે? આક્કા રસોઈ નહીં બનાવે? પરંતુ બાપુસાહેબે કહ્યું, 'આક્કા રસોઈ નહીં બનાવે. પરીક્ષામાં પાસ થયા એટલે રસોઈ નહીં બનાવો તે કેવું?'' વિમલાજીએ અને તેના ભાઈએ તો તે દિવસે રસોઈ ન બનાવવાનું નક્કી જ કરેલું. તેમના મા ઢીલા થઈ ગયાં અને રસોઈ બનાવવાની તૈયારી દાખવી, પરંતુ બાપુસાહેબે કહ્યું, ''તારા એક દિવસના લાડથી એમની જિંદગી બગડશે. તેઓને લાગે છે કે સ્કૂલ-કોલેજમાં જવું, પરીક્ષા પાસ કરવી એ ઉંચા દરજ્જાની વાત છે અને રસોઈ કરવી એ ઉતરતો દરજ્જો છે. આપણા ઘરમાં આ નહીં ચાલે. એમને ખબર પડવી જોઈએ કે બધાં કામ સમાન છે, સરખા પવિત્ર છે.''

આખરે ભૂખ લાગી ત્યારે વિમલાજી રસોડામાં જઈને રસોઈ કરવા લાગ્યા, બાપુસાહેબ તથા મા પણ મદદમાં આવ્યા. ત્યારે બાપુસાહેબે કહ્યું, ''તમારી મા હાડકાં-પાંસળા એક કરીને તમને ભણાવે છે, રસોઈ કરીને જમાડે છે એનું મહત્ત્વ તમને નથી અને પરીક્ષામાં પ્રથમ આવ્યા તો ઘમંડ આવી ગયો? વાસીદું વાળવું, રસોઈ કરવી, પરીક્ષા પાસ કરવી, આ બધાં કામો સરખા મહત્ત્વના છે.''

બાપુસાહેબ હંમેશા કહેતા કે સમજો અને કરો. જે ન સમજાય તે ન કરશો. આક્કા વ્રત-નિયમ લેવાનું કહેતા. પણ બાપુસાહેબ કહેતા કે, ''શા માટે વ્રત લેવા? સમજ પડી તે વ્રત નથી? સમજને વ્રતથી અલગ શા માટે કરો છો? ''

સુંદર અક્ષરો વિશે પણ કહેતા કે, 'લખાણ સુવાચ્ય હોવું જોઈએ. હસ્તાક્ષર જોઈને કોઈનું પણ ચિત્ત પ્રસન્ન થઈ જવું જોઈએ. લખાણ સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ.' આથી જ વિમલાજીના અક્ષરો કોઈનું પણ ચિત્ત પ્રસન્ન કરી દે તેવા જ હતા.

શબ્દના ઉચ્ચારણ વિશે પણ સાવધ કરતા. કોઈ શબ્દનું ખોટું ઉચ્ચારણ થાય તો કાન પકડીને પૂછતાં કે શું થાય છે? તારો કાન દુઃખે છે ને? તો શબ્દનું ઉચ્ચારણ બરાબર ન થાય તો શબ્દને પણ દુઃખ થાય.

આમ જીવન સમગ્રતયા સ્વસ્થ-સુંદર બને તેવા પાઠો બાળકોને સહજ રીતે શીખવાડતા.

**- સૌ. નારીદેહે અવધૂત (શ્રી વિમલા ઠક્કરનું સંક્ષિપ્ત જીવનચરિત્ર માંથી સાભાર) પ્રફુલ દવે.**

જેમ જેમ ઉંમર વધશે, તેમ તેમ શરીર જીર્ણ થવા લાગશે, ઈન્દ્રિયો શિથિલ થવા લાગશે, માટે હમણાં શરીર સ્વસ્થ છે ત્યારે જ બમણો પુરુષાર્થ કરી આત્માર્થ કરી લેવું.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

## સ્વરાજચિંતન

તમામ શાસનો અનીષ્ટ હોય છે અને અનીષ્ટનાં જન્મદાતા હોય છે. એ જ શાસન શ્રેષ્ઠ છે જે કમ સે કમ શાસન કરે. જંગાલીયતભર્યા કૃત્યો જ્વલ્લે જ આસમાનમાંથી ટપકે છે. સમાજ ક્રમશઃ કદમ-બ-કદમ, દુષ્કૃત્યોને સ્વીકારવાની આદત કેળવી લે છે, અને એ બદલ ઓછો ને ઓછો નૈતીક પ્રતીકાર કરતો થાય છે.

લોકશાહીનું મરણ કોઈ અણધાર્યા રસ્તેથી થતા આકસ્મીક હુમલા વડે થતું નથી. ક્રમશઃ ઉદાસીનતા, બેફીકરાઈ અને અલ્પપોષણથી એનું ધીમું મોત થાય છે.

દરેક રાષ્ટ્ર એવું શાસન મેળવે છે જેને લાયક એ હોય.

જે શાસન તમને જે જોઈએ તે બધું જ આપી દેવા જેટલું મોટું હોય, તે તમારું બધું જ છીનવી લેવા જેટલું શક્તિશાળી પણ હોય છે. ઈતીહાસ આપણને શીખવે છે કે જે માણસોએ ગણતંત્રની સ્વતંત્રતાઓ ઉથલાવી મારી છે, એમાંથી ઘણાખરાએ પોતાની કારકીર્દીની શરુઆત જનતાનો મહીમા કરીને, નીતીમાન તરીકે પેશ આવીને કરી છે અને જુલમગાર તરીકે વીકસ્યા છે.

તમામ યુગોએ, ધર્મગુરુ કહેવાતા દંભીઓએ ચોરોના શીરે મુગટ ચડાવ્યા છે અને એમને 'રાજા' કહેવડાવ્યા છે.

તમે જે બોલો છો એને હું નાપસંદ કરું છું, પરંતુ તમારા એ બોલવાના અધીકારનો હું પ્રાણાંતેય બચાવ કરીશ. હું (જે કાંઈ બોલું છું) પુરી પ્રામાણીકતાથી બોલું છું. ભળતાસળતા શબ્દો નહીં વાપરું, ક્ષમાપ્રાર્થના પણ નહીં કરું. એક ઈંચ પણ પાછો નહીં હઠું અને આગ્રહ રાખીશ કે મારી વાત સાંભળવામાં આવે.

એ આગેવાન શ્રેષ્ઠ છે જેની હયાતીથી જનતા વાકેફ પણ ન હોય; અને જ્યારે જનતા એનાં જયગાન કરે ત્યારે તો એ ખાસ સાથે રહેતો નથી. ઉત્તમ આગેવાન એ છે જે ઓછું બોલે છે, અને પોતાનું કર્તવ્ય બજાવ્યા પછી જનતાને બોલવા દે છે કે વાહ, અમે જાતે આ કામ કર્યું!

જે કાનુનોનો અમલ કરાવી ન શકાય. એવા કાનુન પસાર કરવાથી વધુ વીનાશક બીજું કશું નથી.

જનતા હંમેશા એક મહાનાયક હોય એવું પસંદ કરે છે, જેને તેઓ પોતાની ઉપર સ્થાપીત કરે છે અને એને મહાનતા બક્ષે છે. બસ આ જ, અને આ સીવાય અન્ય કોઈ ઘટનામાંથી નહીં, જુલમગાર સરમુખત્યારો જન્મે છે. એ જ્યારે પ્રથમ દ્રશ્યમાન થાય ત્યારે તો (જનહીતના) બડા રક્ષકો જણાય છે.

જ્યારે કોઈ શાસન ખુદ કલ્યાણકારી હેતુઓ માટે પણ, પોતાના તાબા હેઠળના વધુ ને વધુ નીરુપદ્રવી ઓજાર તરીકે નાગરીકોને સત્ત્વહીન બનાવી મુકે છે ત્યારે કશું ઉત્તમ સીદ્ધ થઈ શકતું નથી, કારણ કે નાનાં માનવીઓ કશું મોટું કામ કરી શકતાં નથી.

ભાષણબાજી કરીને આગળ આવનારનું રહસ્ય એમાં રહેલું છે કે એ પોતાના શ્રોતાઓ જેટલો જ મુર્ખ હોય એવું વર્તે છે, જેથી શ્રોતાઓ માને છે કે પોતે એના જેટલા જ હોંશીયાર છે.

એ લોકો સામ્યવાદીઓને પકડીને લઈ જવા આવ્યા ત્યારે હું ચુપ રહ્યો, કારણ કે હું સામ્યવાદી નહોતો. પછી એ લોકો યહુદીઓને પકડીને લઈ જવા આવ્યા ત્યારે મેં વીરોધનો અવાજ ન ઉઠાવ્યો, કારણ કે હું યહુદી નહોતો. પછી એ લોકો મને ઉઠાવવા આવ્યા ત્યાં સુધીમાં અવાજ ઉઠાવનાર કોઈ બચ્યું નહોતું.

આજકાલ લોકશાહીમાં દરેક પક્ષ પોતાની ઘણીખરી તાકાત અન્ય પક્ષ શાસન ચલાવવા માટે અક્ષમ છે, એ સિધ્ધ કરવામાં લગાવી દે છે અને સાધારણ રીતે એ બન્ને સફળ થાય છે, અને સાચા ઠરે છે.

જે સરકાર કોઈપણ વ્યક્તીને અન્યાયી રીતે કારાગારમાં પુરે તે સરકાર હેઠળ ન્યાયી માણસનું સ્થાન પણ કારાગારમાં જ રહે છે.

જ્યારે ઢોલ-નગારાંનો ઘોંઘાટ સર્વ માનવોને હરોળમાં આવી જવા અને કદમ મીલાવવા અને જુલમગારના આદેશોને ચુપચાપ માનવા દોરતો હોય ત્યારે જ વીરોધના સુરની સૌથી વધુ જરુર હોય છે. સાચા સારા નાગરીકને માટે એવી વેળાએ વીરોધનો અવાજ બુલંદ કરવાની ફરજ બની રહે છે.

રાક્ષસોની સામે લડનારે એક બાબતનો ખાસ ખ્યાલ રાખવો પડે કે લડતાં લડતાં સ્વયં રાક્ષસ બની ન જાય.

જ્યારે માણસે પોતાની જ ભુલ પર જીવનનીર્વાહ કરવાની રજા માટે; પોતાના આગવા વીચાર સેવવા માટે, પોતાના જ પરીશ્રમનાં ફળ અંકે કરવા માટે અધ્ધર શ્વાસે ભીખ માગવી પડતી હોય ત્યારે, એના સંજોગોની સામે બળવો કરવાથી વધુ શૌર્યપુર્ણ અને શાણું કોઈ કામ નથી.- **શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી, સૌ. નયા માર્ગ,**

**સંચય શ્રી યશવંત મહેતા (આ લેખ ઉંઝા જોડણીમાં છે.)**

**ધર્મનો વિરોધ નથી, પણ ૩૩ કરોડ દેવી-દેવતાવાળી ગાય પ્લાસ્ટિકનો કચરો ખાય અને મંદિરમાં કાજુ-બદામના હિંડોળા થાય એથી શું કાનુડો રાજી થશે?**

## ઍટમબૉમ્બ વિરુદ્ધ ગાય

ગાય એ સર્જનની સલામતીની અણુશક્તિ છે. ઍટમબોમ્બ એ સંહારશક્તિ છે. સંહારશક્તિનો સામનો સર્જનશક્તિથી જ થઈ શકે. ફિલ્ડમાર્શલ રોમેલે હિટલરને કહ્યું હતું કે ''હું રશિયાને મૉસ્કોથી છેક પૅસિફિક મહાસાગર સુધી હઠાવી શકું તેમ છું, છતાં તમે લડાઈ જીતી શકશો નહિ, કારણકે આપણી સંહારશક્તિ કરતાં અમેરિકાની ઉત્પાદકશક્તિ વધારે છે. આપણે પણ આપણું ઉત્પાદન - વધારીએ તો જ આપણી સલામતી જળવાઈ રહે.

શસ્રોનું અને સંહારનું વિજ્ઞાન જે રીતે વિકસી રહ્યું છે તે જોતાં આજે કોઈ પણ રાષ્ટ્ર યુદ્ધકાળમાં જ બિનસલામત નથી. શાંતિકાળમાં પણ મોટા ઉદ્યોગો દ્વારા હવામાં અને પાણીમાં ફેંકાતાં ઝેરોથી માનવપ્રજાની અને સમગ્ર જીવસૃષ્ટિની સલામતી જોખમાઈ ગઈ છે. ઍટમના ધડાકાઓથી ચારેબાજુ પ્રસરતી અણુરજ માંદગી અને મોતના વરસાદ વરસાવે છે. યુદ્ધકાળમાં જેટલાં યુદ્ધમાં ઊતરેલાં રાષ્ટ્રો એટમબૉમ્બ સામે બિનસલામત હશે તેટલાં જ - કદાચ તેથી પણ વધુ - તટસ્થ રહેલાં રાજ્યો પણ બિનસલામત હશે. ફ્રાન્સ ઉપર ઝીંકાયેલા અણુબૉમ્બમાંથી છૂટેલી અણુરજ કોરિયા, વિયેટનામ, કમ્બોડિયા, જાપાન વગેરે તમામ દેશોમાં કરોડો મનુષ્યોનો ઘાણ કાઢી નાખે. આ માત્ર કલ્પના નથી, અમેરિકન લશ્કરના અધિષ્ઠાતાઓની આ દ્રઢ માન્યતા છે.

**પંચગવ્ય**

આ મહાવિનાશ સામે જો કોઈ આપણને રક્ષણ આપે તો ગાય વગેરે પશુઓ જ આપી શકે. સોવિયેટ વિજ્ઞાનીઓ પંચગવ્ય ઉપર અણુરજ સામે રક્ષણ મેળવવાની દ્રષ્ટિએ સંશોધન કરી રહ્યા છે. પંચગવ્ય એટલે ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ, મૂતર અને દર્ભના પાણીનું મિશ્રણ. પંચગવ્યનો ઉલ્લેખ અને તે બનાવવાની વિધિ હિંદુ ધર્મગ્રંથોમાં મળે છે. પંચગવ્ય બનાવવા માટે ઘેરી લાલ ગાયનું ૨૮ તોલા દૂધ, સફેદ ગાયનું ૪ તોલા દહીં, કપિલા ગાય (બદામી રંગની) નું ૪ તોલા ઘી, ઘેરી કાળી ગાયનું ૪ તોલા મૂત્ર, ભૂખરી કાળી ગાયનું ૪ તોલા છાણ અને દર્ભનું ૪ તોલા પાણી લઈને તેનું મિશ્રણ બનાવવું જોઈએ.

સોવિયેટ વિજ્ઞાનીઓના સંશોધનમાં એવું જણાયું છે કે અણુરજથી પીડાતા માનવીને એકલા ગાયના દૂધ ઉપર રાખો તો તે રોગમુક્ત બને છે (અત્યારે તો જે મનુષ્યોને અણુરજ લાગે છે તે રિબાઈ રિબાઈને મરણ પામે છે) અગ્નિમાં ગાયના ઘીનો હોમ કરીએ તો તેનો ધુમાડો ઉપર આકાશમાં ચઢે, ત્યાં જે અણુરજ પ્રસરેલી હોય તેનો તે નાશ કરી નાખે છે. અણુરજ નીચે બેસતી હોય ત્યારે તમારા ઘરના છાપરા અને દીવાલો ઉપર ગાયનું છાણ લીંપેલું હોય તો અણુરજ બારીક દરવાજા વાટે તમારા ઘરમાં પ્રવેશી શકતી નથી. આ સંશોધન રશિયન વૈજ્ઞાનિકોએ કર્યું છે, પણ તેઓ પંચગવ્ય બનાવવાનું પ્રમાણ જાણે છે કે કેમ તે આપણે નથી જાણતા. એટલું જ નહિ, તેઓનું પંચગવ્ય આપણે બનાવી શકીએ એ પંચગવ્ય કરતાં ઓછી તાકાતવાળું હોવાનો સંભવ છે, કારણકે તેમની પાસે રે! સમસ્ત વિશ્વમાંય આપણાં ધર્મશાસ્રોએ નક્કી કરેલા રંગની ગાયો નથી.

ગાયનું છાણ પણ અણુરજથી બચાવે છે.

આપણે ત્યાં ગામડાંના મોટા ભાગનાં મકાનો છાણ-માટીની ગારનાં છે. જો સંપૂર્ણ ગોવધબંધી કરીને ગામડાં અને શહેરી વસતિનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં મકાનો ગારમાટીનાં બનાવાય અને ફર્ટિલાઈઝરને બદલે દરેક ખેતરે ગાયનું છાણિયું ખાતર પાથરવામાં આવે તો અણુરજ ન તો આપણાં ઘરોમાં પ્રવેશી શકે, ન તો ખેતરોમાં બેસી શકે.

ઉપરાંત નદીઓ અને તળાવોના કિનારે નવેસરથી ચરિયાણો વિકસાવીને પશુઓને ચરવા માટે ખુલ્લાં મૂકી દેવામાં આવે તો ત્યાં જ પડેલા ગાયનાં છાણ, મૂત્ર વડે જળાશયોમાં અણુરજ પડી શકે નહિ અને વૈદિક ધર્મકાર્યો હોમ, હવનાદિ ફરીથી શરૂ કરવાને પ્રોત્સાહન આપવામાં આવે તો ઉપર આકાશમાં ફરતી અણુરજ પણ નાશ પામતાં વાતાવરણ શુદ્ધ બની શકે.

લોકોને માંદા પડવા દેવા અને પછી તેમની સારવાર માટે અબજો રૂપિયાની મૂડી ફાર્મસી ઉદ્યોગોમાં રોકીને લોકોનું કાયમી શોષણ કરવું તેના કરતાં સંપૂર્ણ ગોવધબંધી દ્વારા પ્રજાનાં સલામતી, સ્વાસ્થ્ય જાળવવા અને યુદ્ધકાળમાં દુશ્મનોના બૉમ્બમારા સામે, શાંતિકાળમાં અણુરજ અને ભારે ઉદ્યોગોના વિનાશક ઝેરી પ્રદૂષણ સામે પ્રજાને સલામત બનાવવી, એ બિનખર્ચાળ, સહેલું, ધાર્મિક દ્રષ્ટિએ અતિશય લાભદાયક અને શાણપણ ભરેલું નથી શું ?

રશિયા જ્યારે પંચગવ્ય વડે પોતાનો બચાવ કરતું હશે ત્યારે આપણે અણુરજના વરસાદથી લાખો કરોડોની સંખ્યામાં મોતને ભેટતા હોઈશું.

**- સ્વ. વેણીશંકર મુરારજી વાસુ. સૌ. વિનિયોગ પરિવાર**

## શિક્ષણે શીંગડાં માંડતાં શીખવવાનું છે ? !

શિક્ષણનું એક વધુ વર્ષ શરૂ થયું. શીખવું-શીખવવું કે ભણવું-ભણાવવું એટલે શિક્ષણ, એવી એક છાપ ગહેરી બની ગઈ છે. કોણ કોને ભણાવે છે, તેની ચીકાશમાં પડવા જેવું નથી, કારણ શિક્ષણ ચાર દીવાલોમાં અને સેન્ટ્રલી એ.સી. ક્લાસરૂમમાં બંધ થઈ ગયું છે. પણ આ તો વધુ નગરોમાં-શહેરોમાં... ગામડાં ગામમાં તો કંઈક જુદું ને એ જ જુનું પુરાણું! બુનિયાદી કેળવણીમાં તો હાથ-પગ હલાવવાના ને પોતાનું બધું કામ પોતે જ કરવાનું. આ બધું કરતાં કરતાં જે શીખાય તે શિક્ષણ! એમાં 'કહેતાં કહેતાં' નહીં પણ, 'કરતાં કરતાં' શીખવાનું

આંબલા-લોકભારતી-મણારના શિલ્પી મનુભાઈ પંચોળી 'દર્શકદાદા' તળની વાત કહેતા: 'અમારે અમારા શિક્ષણમાં નવો અભ્યાસક્રમ, નવી પદ્ધતિઓ, નવાં સાધનો, નવા શિક્ષકો તો ઊભા કરવાનાં હતાં જ પણ એના કરતાંએ વધારે મહત્ત્વનું કામ આ વિદ્યાર્થીઓમાં ગામડાં માટે પ્રેમ-ગૌરવ અને ગામડાંને ધોવાતાં અટકાવવા સારુ જરૂરી યુયુત્સુવૃત્તિ કેળવવાના હતા. ગામડાંના વિદ્યાર્થીઓ બધા અતિ સામાન્ય કુટુંબનાં બાળકો હતાં, પણ જે આવતા તે અમને વહાલસોયાં લાગતાં. તેમને અમે જાતે પીરસતા, તેમને કપડાં ધોતા-વાળ ઓળતા શીખવતા! તેમની જોડે વરસતા વરસાદમાં દોટ મૂકીને અમે ડુંગરમાં જતા, સાથે ધુબાકા મારતા, ટેકરા વળોટતા, ગાયો ચારતા ને દોહતા, હૂતૂતૂ ને લંગડી તો રમતા જ ને પછડાતા તો પછાડતા ય ખરા... આ વિદ્યાર્થીઓ વેકેશનમાં ઘેર જાય ત્યારે અમે વિલાઈ જતા. દહાડા ન જતા અમારા. આવે ત્યારે ઝાંપે લેવા જતા. ખૂબ સંતોષ હતો કારણ જરૂરથી વધારેની જરૂર નહોતી અમને કોઈને... '

કોઈવાર વાલીઓ પૂછતા કે મારા છોકરાને નોકરી મળશે? જવાબ મળતો કે: 'મળે ય ખરી ને ન પણ મળે, કારણ અમે નોકરી માટે ભણાવતા જ નથી.' સામો પ્રશ્ન થતો: 'તો પછી એ શું કામ ભણે? ખેતી તો અમારે ઘેર રહીને જોઈ જોઈને શીખી જશે.' નવી ખેતી શીખવશું એટલે પોતાનો રસ્તો કરી લેશે, એવી હૈયાધારણ મળે ત્યારે ગામડાગામનો ભણેલો નહીં પણ ગણેલો જણ કહે: ખેતીનું તો ઠીક મારા ભાઈ, ઢેફાં અહીં ભાંગે કે ઘેર, બધુંય સરખું જ છે. પણ તમે બીજું શું શીખવો?... બસ, આ છેલ્લો પ્રશ્ન થાય તો શિક્ષણમાંથી કેળવણી તરફ વળાય. 'દર્શક' બકરાનાં બચ્ચાંની વાર્તા કહેતા.

બકરાનું બચ્ચું બ્રહ્મા પાસે જઈને રાવ કરવા લાગ્યું કે મને તો કૂતરાં ને નાર બધાં ખાઈ જાય છે, એમાંથી બચવું કેમ? બચ્ચાની કાકલૂદી સાંભળી બ્રહ્માએ જવાબ આપ્યો: 'જો બેટા, હું તો તારો દાદો છું ને તેમ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે કે તને એક બટકું ભરી લઉં! બેટા, તું જરા શીંગડાં માંડતાં શીખી જા. તને મેં શીંગડાં શા સારું આપ્યાં છે? ધીમે ધીમે શીંગડાં માંડવાનું તને ફાવી જશે ને પછી બાકી બધા તારાથી સલામત અંતર રાખી તારો આદર કરતા થઈ જશે.' આપણાં બાળકો બકરાનાં બચ્ચાં જેવાં કૂણાં ને રાંક છે. તેને ખાલીપીલી રમતાં-દોડતાં-ચપળ થતાં આવડશે તેટલું નહીં ચાલે. શિક્ષકે એને શીંગડાં માંડતાં શીખવવાનું છે. આ સમયની જરૂરિયાત છે.

સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત-સંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતા નથી. તે માટે સંસ્કાર વારસો આપવાની શિક્ષણ વ્યવસ્થા ને પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્ત્તે છે. બહુ મહેનત ને મંથન કર્યા પછી સંસ્કારિતા હાથ આવે છે. તેને બહુ જતનથી આપીએ તો જ એ ટકે... 'દર્શક'નો અંગુલિનિર્દેશ 'શીગડાં માંડતાં શીખવવું' એટલે સ્વગૌરવ સાથે જીવનનું ગૌરવ. આ કહેવાથી કે ભણાવવાથી શક્ય નહીં બને. આપણે કરવું પડશે ને તે વિદ્યાર્થીઓ કરી શકે તેવો માહોલ સર્જવો પડશે... શિક્ષણનું નવલ વર્ષ મુબારક.

**- ભદ્રાયુ વછરાજાની, સૌ. દિવ્ય ભાસ્કર**

* * *

**પ્રશ્ન : બાપુ! તાપમાં અને સંતાપમાં શો ફેર ?**

**ઉત્તર :** તફાવત ફક્ત એટલો જ છે કે તાપ બહારથી બાળે છે અને સંતાપ અંદરથી બાળે છે. બળતરા બન્નેની સરખી જ છે. એક તનને બાળે છે બીજો મનને બાળે છે. તાપ સંતાપ બન્નેથી મુક્ત થવાનું એક જ સાધન છે, તે છે તપ. તપ એટલે સહનશક્તિ. આજે તમારી સહનશક્તિ ઘટી ગઈ છે એટલે તમે સંતાપનો અનુભવ કરો છો. લોકોમાં સહનશક્તિનો ગુણ વિકાસ પામે એવું કરવું જોઈએ. અમે એ માટે જ ઘરે ઘરે જઈને સત્સંગ કરીએ છીએ.

**- સ્વામીશ્રી સંપૂર્ણાનંદ, પ્રે. દિનેશ દેઢિયા.**

## નર્મદાના કાંઠે ખાલીપો

પ્રસિદ્ધ સાહિત્યકાર અને નર્મદા પરિક્રમાથી પ્રખ્યાત થયેલા અમૃતલાલ વેગડનું શુક્રવાર તા.૬ જુલાઈ, ૨૦૧૮ ના રોજ અવસાન થયું છે. તેઓ ૯૦ વર્ષના હતા. તેઓ સારા ચિત્રકાર પણ હતા. ગુજરાતી અને હિન્દી સાહિત્ય અકાદમી સહિત અનેક રાષ્ટ્રીય પુરસ્કારોથી તેમનું સન્માન કરાયું હતું. તેમને નર્મદા અને અન્ય સહાયક નદીની ૪ હજાર કિલોમીટરથી લાંબી પદયાત્રા વારંવાર કરી હતી. આ પરિક્રમા ઉપર તેમને સૌંદર્યની નદી નર્મદા, તીરે તીરે નર્મદા, પરિક્રમા નર્મદા મૈયા વગેરે પુસ્તકો પણ લખ્યાં હતાં. મૂળ કચ્છના વતની એવા વેગડે શાંતિનિકેતનમાંથી અભ્યાસ કર્યો હતો.

અમૃતલાલ વેગડ. આ નામથી અને વેગડ સાહેબના કામથી કોઈ ભારતીય ભાગ્યે અજાણ હશે. જે લોકો તેમને મળ્યા હશે તે દરેકનો તેમની અને કાંતા બહેનની સહજતા સ્પર્શ્યા વગર નથી રહી. વહેતી નર્મદા જેવી સરળતા, તેવો જ આનંદ, તેવી જ વાણી અને તેવી જ લેખિનીથી અમૃતભાઈ લોકોના મનમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. મૃત્યુ તે સ્થાનેથી તેમને હટાવી શકવાનું નથી.

તેમના જવાથી તેમના ભાવકો કરતાં પણ પોતાની પરિક્રમાઓ દરમિયાન અમૃતભાઈ જેમને મળ્યા હશે, જેમને ત્યાં રહ્યા હશે તે અજાણ્યા, અનામી ગ્રામવાસીઓને મોટી ખોટ પડશે. હવે આ અજાણી વાટે કોણ આવશે? કોણ પોતાના થઈને અમારી ઝૂંપડીઓમાં રહેશે? હળ્યા મળ્યાનો ચરખો કોણ ચાલુ રાખશે? એક ખાલીપો નર્મદાના કાંઠે ફેલાશે.

અમૃતભાઈ અને કાંતાબહેન માત્ર પરિક્રમાવાસી નહોતા. તેઓ નહોતા માત્ર સાહિત્યકારો, માત્ર નર્મદાના ચાહકો પણ નહોતા તે બેઉ 'માત્ર' કશું પણ નહોતા. જે હતા તે સર્વાંગ હતા. વહેતી નર્મદાનો રવ હતા. સહસ્રધારમાં વહેચાઈને વહેતી નર્મદાની ખળખળ ગતિ હતા.

તત્વમસિ પરથી રેવા ફિલ્મ બનતી હતી ત્યારે આખું યુનિટ વેગડ સાહેબને મળી આવ્યું. તેમને ત્યાં જઈ આવી. તેમની વાતો સાંભળીને ફીલ્મ અને પટકથામાં કેટલાક ફેરફાર પણ કરાયા. તેમના કેટલાક વાક્યોને તેમાં લેવાયા. દિવસે નર્મદા અને રાત્રે રેવા-તે વેગડ સાહેબનું વાક્ય ફીલ્મમાં અને તેના મુખ્ય ગીતમાં પણ લેવાયું.

વેગડ કહેતા, 'અમારા ગયા પછી, આવનારી સદીમાં જો કોઈ દંપતી નર્મદા મૈયાના કિનારે હાથમાં સાવરણી લઈ નર્મદાના ઘાટની સાફ સફાઈ કરતું દેખાય, કિનારા પર વૃક્ષો રોપતું દેખાય તો એમ માની લે જો કે તે હું અને કાંતા જ છીએ...'

કાંતા બહેન, એમણે તમને હર જનમ માગ્યા છે. નર્મદાની જેમ જ. મને થાય કે મને અને દિવ્યાને પણ કેમ ન માગ્યા? એકાદ-બે વૃક્ષો તો અમે પણ વાવત નર્મદા કીનારે... - **ધ્રુવ ભટ્ટ, દિવ્યા ભટ્ટ, સૌ. દિવ્ય ભાસ્કર**

## ઉન્નતિનો પાયો

જાપાનની રાજધાની ટોકિયો. શહેરમાં નાના છોકરાની એક શાળામાં એક વિદ્યાર્થી ભણતો હતો. એકવાર શાળા છૂટયા બાદ તે ઘેર જતો હતો, ત્યાં રસ્તામાં સડક ઉપર તેણે એક રૂપિયો પડેલો જોયો, તેણે તે રૂપિયો લીધો પણ તુરત જ એની માતાએ શિખવાડેલી વાત તેને યાદ આવી કે આપણને કંઈ જડે તો એ પોલીસને સોંપી દેવું. તે સીધો જ પોલીસ થાણે ગયો. તેણે ફોજદારને કહ્યું આ રૂપિયો લો, મને રસ્તામાંથી જડયો છે માટે તેને સરકારના ખાતામાં જમા કરો.

પણ ફોજદાર સાહેબને એ રૂપિયો સરકારના ચોપડામાં જમા કરવામાં આળસ થઈ. એમને થયું કે એક રૂપિયા સારું કોણ આ માથાકૂટ કરે? તેથી તેમણે પેલા છોકરાને કહ્યું, દોસ્ત! તેં સરસ કામ કર્યું છે તે બદલ હું તને શાબાશી આપું છું અને સાથે સાથે આ રૂપિયો પણ તને મિઠાઈ ખાવાને માટે ઈનામ તરીકે આપું છું.

તે નાનકડો બાળક કાંઈ જ સમજયો નહિ, તે તો રૂપિયો લઈને ઘેર ગયો ને એ રૂપિયો તેણે માતાના હાથમાં મૂક્યો. માતાએ છોકરાને પૂછયું, ''તું આ રૂપિયો ક્યાંથી લાવ્યો?'' બાળકે બધી વાત કરી, આ વાત સાંભળી માતા ફોજદાર ઉપર ગુસ્સે થઈ ગઈ. તે ફોજદાર પાસે ગઈને બોલી. તમે શા માટે મારા દીકરાને રૂપિયો પાછો આપ્યો? આ પરથી તો મારો દીકરો બીજાના પૈસાથી મિઠાઈ ખાવા માટે ચોરીનો ધંધો શીખે.

એ બાઈએ પોલીસ ખાતાના વડાને આ બાબત ફરિયાદ કરી. આથી પોલીસના વડાએ ફોજદારને પૂછયું, તેણે કહ્યું, ''મેં તો તેની પ્રામાણિકતા બદલ જ તેને રૂપિયો આપ્યો હતો. ત્યારે વડાસાહેબે ફોજદારને કહ્યું જો તમારે ઈનામ જ આપવું હતું તો પછી તમારા ખિસ્સામાંથી જ આપવું હતું ને? તે છોકરાને તમે ખોટો પાઠ શીખવ્યો છે. તેથી તમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે છે.

**- પ્રે. જતીન રમેશ દોશી**

**ગાવો વિશ્વસ્ય માતર:**

# ચારિત્ર્યની ઓળખ

આપણે ત્યાં એવો ભ્રમ પ્રચલિત છે કે માણસ દાન કરતો હોય, માળા ફેરવતો હોય, કોઈની વાતમાં પડે નહિ એટલે તે સારો માણસ, ભલો માણસ. પરંતુ આ વ્યાખ્યા અધૂરી છે. આવી વ્યાખ્યા પ્રચલિત થવાનું કારણ એ હશે કે સદીઓથી અન્યધર્મી પ્રજાના વહીવટ નીચે રહેવાથી ગુણની ઓળખ વ્યક્તિલક્ષી બની. વળી સદીઓથી આપણે રાજાશાહી અમલ નીચે જ જીવ્યા છીએ એટલે રાષ્ટ્રનો અર્વાચીન સંદર્ભ આપણને પચ્યો નથી.

એક માણસ રોજીરોટી કમાતો હોય, પૂજાપાઠ કરતો હોય, કીડિયારું પૂરતો હોય, ચકલાંને ચણ અને કૂતરાને બટકું નાખતો હોય, મંદિરે પગે લાગવા જતો હોય તો તે સારું છે, પરંતુ પૂરતું નથી. ખાસ કરીને પ્રજાસત્તાક લોકશાહી રાષ્ટ્રમાં. રાષ્ટ્ર કહીએ છીએ ત્યારે દેશાભિમાન પૂરતું નથી, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગેની જાગૃતિ અને તેનો કર્તવ્ય તરીકે સ્વીકાર પણ સૂચિત છે.

વિદેશી શાસકોના વહીવટમાં વ્યક્તિગત ગુણો જાળવીને જીવવું એ ચારિત્ર્ય માટે ભલે પૂરતું ગણાયું હોય, પરંતુ આજે એટલું પૂરતું નહિ થાય. લોકશાહી વ્યવસ્થાનો પાયો સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા છે. આ ત્રણે લક્ષણોનો લાભ ઉપરના ફાવી ગયેલા વર્ગ પૂરતો સીમિત રહેવો ન જોઈએ, સમસ્ત પ્રજાને મળવો જોઈએ. એટલે હવે ચારિત્ર્યની વ્યાખ્યા સામાજિક સંદર્ભમાં કરવાની રહેશે.

માણસ ધ્યાન, ધારણા, યમનિયમ પાળતો હોય એ અધ્યાત્મનો માર્ગ છે. પરંતુ તેનો સંદર્ભ આખરે તો સામાજિક છે. આધ્યાત્મિકતા એટલે જ સર્વજનહિતબુદ્ધિ. આત્મવત્ સર્વ ભૂતેષુ. અધ્યાત્મ કદી વ્યક્તિગત સુખ-સુવિધા-અનુકૂળતામાં રાચનારું ન હોઈ શકે. સ્વામી વિવેકાનંદને નિર્વિકલ્પ સમાધિની બહુ હોંશ હતી. રામકૃષ્ણદેવે તેમને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવ્યો. વિવેકાનંદ ત્રણ દિવસ સુધી સમાધિમાં લીન રહ્યા. જગાડ્યા ત્યારે કહેવા લાગ્યા, 'મને શું કામ સમાધિમાંથી જગાડ્યો? કેવી પરમ શાંતિમાં અને આનંદમાં હું હતો?' ત્યારે રામકૃષ્ણદેવે ઠપકો આપેલો કે, 'હવે પછી કદી નિર્વિકલ્પ સમાધિની માગણી કરતો નહિ. તારા કરોડો દેશબાંધવો દુ:ખદર્દથી પીડાતા હોય અને તું સમાધિના આનંદમાં ડૂબી જવા માગે છે?'

ધર્મનો આ નવો ઉન્મેષ છે, નવી ગતિ છે. કારણ કે આજ સુધી તો 'સંસાર મિથ્યા છે, બંધનરૂપ છે, કોઈ કોઈનું નથી, આત્માના મોક્ષ માટે જ જીવન છે' એમ ગાઈવગાડીને ધર્મ-સંસ્થાઓએ પ્રજાને સમજાવ્યું હતું. એટલે સ્વામી વિવેકાનંદે ધર્મસંસ્થાની સામાજિક જવાબદારી સ્વીકારી. રામકૃષ્ણ મિશનના સાધુઓ સામાજિક કર્તવ્યો પણ નિભાવે એ સ્થાપ્યું. કદાચ, તેમને આની વધુ સ્પષ્ટતા પશ્ચિમમાંથી મળી હોય. પરંતુ આ દેશ માટે તો આ નવો પ્રારંભ છે. ધર્મસંસ્થા પોતાના કોચલામાંથી બહાર નીકળીને સામાજિક કર્તવ્યો (શિક્ષણ, આરોગ્ય ચારિત્ર્યઘડતર, આફત વખતે રાહતકાર્ય વગેરે) નિભાવે એ આ દેશમાં પ્રથમ વખત શક્ય બન્યું.

એટલે શું સંસારી કે શું સંન્યાસી, બંનેના ચારિત્રિક વિકાસની પારાશીશી તો આખરે સામાજિક સંદર્ભ જ હોઈ શકે. માણસ ભલો, નિરુપદ્રવી, દયાળુ હોય તેટલું પૂરતું નથી, તે સામાજિક કર્તવ્યો અંગે જાગ્રત, નિસ્બતવાળો અને આગ્રહી હોય તે નવા યુગનો સંદર્ભ છે.

આ સંદર્ભને ચરિતાર્થ કરવો હોય તો તેનાં બે પ્રબળ માધ્યમો છે. (૧) પરિવાર (૨) કેળવણી. ધર્મસ્થાનો હવે ભપકો અને દેખાડાની હરીફાઈમાં ઊતર્યાં છે. તેમનો મહિમા મકાનોની ભવ્યતા, સોનાનાં આભૂષણો અને ગાદીપતિઓનાં વૈભવી જીવનને આધારે નક્કી થાય છે. એ તો ઊલટો માર્ગ છે, પતનનો માર્ગ છે. ધર્મસ્થાનો આંતરયાત્રા માટે પ્રેરનારાં અને સામાજિક કર્તવ્યોનું પાલન શીખવનારાં હોવાં જોઈએ. તેને બદલે માનસિક વશીકરણ કરેલા, મોહમુગ્ધ ભક્તોની અંધશ્રદ્ધાને ચરી ખાનારાં બન્યાં છે, એટલે તેઓ અસરકારક બની શકે તેમ નથી.

પરિવારો આજે સંક્રાન્તિકાળમાં છે. તેઓ કઈ દિશામાં જવું, સંતોનોનું ઘડતર કેમ કરવું, એની અવઢવમાં છે. મોટા ભાગના પરિવારો વધુ પૈસા કમાવાને જ લક્ષ્ય બનાવી લે છે. ચારિત્ર ઘડતરને બદલે ખોટું કરીને પણ વધુ મેળવવાની લાહ્યમાં તેઓ સાચો માર્ગ છોડી દે છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે સામાજિક કર્તવ્યોની ઉપેક્ષા કરવામાં કે તેનો ભંગ કરવામાં તેની આકરી કિંમત તમામ નાગરિકોએ અને આખા સમાજે ચૂકવવી પડે છે.

ત્યારે સૌથી વધુ આધાર શિક્ષણક્ષેત્ર પર છે. પરંતુ આપણા નીતિનિર્ણાયકો આજ સુધી આ અંગે ગંભીર બન્યા નથી યા તો પક્ષીય બન્યા છે. શિક્ષણસંસ્થાઓનું આકર્ષક રૂપરંગ એ ચારિત્ર્યઘડતરનો વિકલ્પ કદી ન બની શકે. આજે શિક્ષણકર્મીઓ ચારિત્ર્યઘડતરને પોતાની અનિવાર્ય કામગીરી ગણતા નથી. વિષયો શીખવાડવા અને તેને યાદ રાખવાની પ્રયુક્તિઓ શીખવાડવામાં જ તેઓ ઈતિશ્રી ગણે છે. તેઓ ભૂલી જાય છે કે આ કેવળ

અન્યના ઘરનો પ્રશ્ન નથી. આવતી કાલે પોતાના ઘરનો પણ હલાવી નાખનારો પ્રશ્ન બનશે.

મૂળભૂત ઉપાય છે વાલીઓની જાગૃતિ અને શિક્ષણના નવા અવતારની. શિક્ષણ મુગ્ધાવસ્થાથી પ્રારંભ થાય છે અને સમજણ એનો આધાર બને છે. સંબંધ અને અભ્યાસમાંથી જન્મેલી સ્પષ્ટતા જીવનમૂલ્યોને દ્રઢ કરે છે. આજે વાલીઓ અને તંત્રવાહકો શિક્ષણના બાહ્યરૂપની પૂજા કરીને સંતોષ માને છે, પણ મનોવૃત્તિગત ફેરફારો (વલણો, ટેવો, વિચારો, મૂલ્યો) અંગે ઉપેક્ષા સેવીએ છીએ. એનાથી સાચો રાષ્ટ્રવિકાસ નહિ થાય. ગમે તેવી ખરાબ રાજ્યરચનામાં ૧૫-૨૦ ટકા લોકો તો સુખપ્રાપ્તિ કરી લેતા હોય છે. ૮૦ ટકા વિશાળ પ્રજાના હિત માટેની નિસબત ઊભી કરે એ સાચું શિક્ષણ છે. તેમના પ્રત્યે ભણેલાનું, સમજદારનું, સંવેદનશીલ વ્યક્તિનું વિશેષ કર્તવ્ય છે. ભણ્યા પછી કામગીરી મલે એ વ્યક્તિગત પરિણામ છે, પરંતુ સામાજિક કર્તવ્યની જાગૃતિ અને આગ્રહ જન્મે એ આખા સમાજનું, સમગ્ર રાષ્ટ્રનું પરિણામ છે. સાથે જ પર્યાવરણની જાળવણી અંગેનાં વલણો કેળવાય એ પણ એટલાં જ મહત્ત્વનાં છે. નહિ તો સુખનાં અપાર સાધનો વચ્ચે માણસ રોગગ્રસ્ત, એકલવાયો, કુદરતની થપાટોથી ભયગ્રસ્ત બની રહેવાનો.

ચારિત્ર્યશીલતાને આપણે સ્ત્રી-પુરુષ સંબંધ સુધી મર્યાદિત કરી નાખી છે તે અધૂરી સમજ છે. એક માણસ લગ્નબાહ્ય સંબંધો ન રાખે, પણ સમાજને અને પર્યાવરણને નિરાંતજીવે આઘાત પહોંચાડતો હોય તો એ ચારિત્ર્યહીન જ ગણાશે. એને ચારિત્ર્યની ગંભીર ઊણપ ગણવી જોઈએ એટલે શિક્ષણ સ્વરૂપનો નવેસરથી વિચાર કરવો અનિવાર્ય છે. મનુષ્યને માપવાનાં-મૂલવવાનાં ધોરણો અંગે પુન:વિચાર કરવો જરૂરી છે.

રાષ્ટ્ર એનાં સાધન, સંપત્તિ કે સુવિધાઓથી મહાન નથી બનતું, પરંતુ એના નાગરિકોની ચારિત્ર્યશીલતાથી જ મહાન બને છે. નાદાર નાગરિકો દેશને ડૂબાડે છે એટલે લોકશાહી અને સર્વના સુખનો, સમાન તકનો વિચાર કરનારી સમાજરચનામાં ચારિત્ર્યશીલતાની નવી વ્યાખ્યા કરવી જરૂરી છે. વ્યક્તિગત સદ્‌ગુણો સામાજિક સદ્‌ગુણો બને તો જ રાષ્ટ્ર ઉન્નત બની શકે. આ સંદર્ભમાં આપણા શિક્ષણને નવો ઘાટ આપવાનો સમય પાકી ગયો છે. જે આ કરશે તે પ્રજાના હૃદયસિંહાસને બિરાજશે.

**– શ્રી. મનસુખ સલ્લા, મો.૯૮૨૪૦૪૨૪૫૩.**

## નવી જમાત

નવી જમાત અને છતાં કોઈ કૃષ્ણ મહાવીર, બુદ્ધ કે શંકરની વાટ જોઈ મારું મન બેઠું નથી. જેમનાં નામ છાપામાં નથી આવતાં એવા ભ્રમ-મુક્ત સજાગ અને નવી દિશા શોધતા જુવાનો આ દેશમાં પડ્યા છે. કોઈ સંપ્રદાયની કંઠી બાંધ્યા વિના તે ધર્મને સમજવા અને જીવનમાં ઉતારવા મથે છે. જ્ઞાનેશ્વરે એક જુવાન છોકરડાને સાતસો વર્ષ પહેલાં કહેલું : ‘ભીતરી જ્ઞાને ઉજળિલા, બાહેરી કર્મે ક્ષામિલા’ - અંદર જ્ઞાનથી પ્રકાશિત, બહાર કર્મથી શુદ્ધ એવો ધર્મોદય તે ઝંખે છે. આ ભૂમિના રજકણમાં જ કાંઈક એવું છે કે તે ઝીણી ઝંખનાને પહેલાં અણધાર્યા ખૂણાઓમાં, કશી ઉતાવળ વિના જાગવા દે છે. અને પછી દુનિયા આંખો ચોળતી રહે તેવો પોતીકો, આગવો જવાબ આપે છે. હમણાં તો થોડા અહીં, થોડા ત્યાં, નાના નાના જૂથમાં અને સ્વતંત્ર એકમ તરીકે આ નવું ભારત આંખો પટપટાવે છે. આપણા ગ્રામપ્રદેશ ભણી, તપોવનની ભૂંસાયેલી કેડી ભણી તે મીટ માંડે છે. વિજ્ઞાનની ઝેર-કોથળી કાઢી એને તે અધ્યાત્મનું દૂધ પાવા માગે છે. મહંતો એને બહુ ગમતા નથી, પણ સંતો આકર્ષે છે. અને કહેવાતા સંતપણા સાથે જેણે છેડો ફાડી નાખ્યો છે એવાની દોસ્તી માટે આ જુવાનો હાથ લંબાવે છે. મને આ ઊગતા ભારત પર ભારોભાર ભરોસો છે.

હવે આવા માગણોની જમાત આજે રડીખડી કળાવા માંડી છે. એમણે લંગોટી નથી પહેરી કે ભભૂત નથી ચોળી પણ ધૂળિયા સંતોના તે ગેરકાયદેસર પણ સાચા વારસ છે. પાગલની ઝોળી ખભે લઈ નીકળેલો આવો જણ આપણા ધર્મ, સંગીત, શાસ્ત્ર અને પુરાણકથાનો પૂરો પ્રેમી છે. **- મકરંદ દવે. સૌ. ‘‘શાશ્વત ગાંધી’’**

## <u>સત્સંગ</u>

સત્સંગ શું છે ?

સત્સંગ એક ઠંડક છે, જે તમારા તપતા મનને શાંત કરે છે.

સત્સંગ એક મીઠાશ છે, જે કડવી વાણીને મીઠી બનાવે છે.

સત્સંગ એક એવુ સત્ય છે, જે જૂઠા માણસોને પણ સત્યના રસ્તે લઈ આવે છે. બધા દુ:ખ, અશાંતિની એક અચૂક દવા છે, સત્સંગ

# પ્લાસ્ટિક, પર્યાવરણ અને ઝીરો વેસ્ટ લાઈફસ્ટાઈલ

૫ જૂને પર્યાવરણ દિન ગયો. ૧૯૭૪ થી યુ એન દર પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરે છે. આ વર્ષનું સૂત્ર છે 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન' એટલે કે 'પ્લાસ્ટિક-પ્રદુષણને નાથીએ'. આ વર્ષે યજમાન તરીકે ભારતે વિશ્વ પર્યાવરણ દિનનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે પર્યાવરણ, જંગલ અને હવામાન ખાતાના પ્રધાન ડૉ. હર્ષવર્ધને કહ્યું, 'ભારતની પરંપરા પ્રકૃતિ સાથે સંવાદિતાભર્યું જીવન જીવવાની રહી છે. આ વર્ષે વિશ્વ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરવા એક થયું છે ત્યારે ભારત પણ તેમાં પોતાનો ઉદાર ફાળો નોંધાવશે.'

વિશ્વના ૧૦૦ દેશો પ્લાસ્ટિકમુક્ત થવાના પંથે છે. ભારતનું સિક્કિમ રાજ્ય પ્લાસ્ટિક-પ્રદુષણને નાથવાની દિશામાં ઘણું સફળ રહ્યું છે. મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિક પ્રતિબંધ અને ક્યાંક તેના વિરોધનું વાતાવરણ છે. આ સંજોગોમાં કહેવાનું મન થાય છે કે 'ભૂમિપુત્ર' નો તા.૧ જૂનનો 'બીટ પ્લાસ્ટિક પૉલ્યુશન' વિશેષાંક દરેક ગુજરાતીએ વાંચી જવો જોઈએ ને જુદી જુદી ભાષાઓમાં તેની આવૃત્તિઓ થવી જોઈએ.

આ અંકમાં પ્લાસ્ટિકના ઉત્પાદન, પ્રકારો, પ્લાસ્ટિક પ્રદુષણ, તેના ઉપાય વગેરેની ચર્ચા સાથે આજના સંદર્ભમાં પર્યાવરણમંથન દ્વારા એક વ્યાપક સમજ કેળવવાનો સુંદર અને અસરકારક પ્રયાસ થયો છે. તેમાં અમુક વ્યક્તિઓએ આ સંદર્ભે કરેલા પ્રયોગોની વાત પણ છે, જે મને ઘણી આકર્ષી ગઈ - વાચકમિત્રોને પણ ગમશે જ. આ વ્યક્તિઓછે ડેનિયલ વેબ, લોરેન સિંગર, સેવર્ન સુઝુકી અને રાજેશ્વરી સિંહ. આ તમામ યુવાનો શું કરે છે તે જાણવા જેવું છે.

૩૬ વર્ષનો ડેનિયલ વેબ ઘર પાસેના દરિયા કિનારે લટાર મારવા નીકળ્યો હતો. અચાનક એક મોજું આવ્યું અને પ્લાસ્ટિકની અનેક ચીજો લઈ આવ્યું. ચોંકી ગયેલા ડૅનિયલે વિચાર્યું, જાગૃત વ્યક્તિ તરીકે હું પ્લાસ્ટિક ઓછું વાપરું છું તેમ માનું છું, પણ મારે એ ચકાસી જોવું જોઈએ. આખું વર્ષ તેણે જે ખરીદ્યું, તેમાં જે પણ પ્લાસ્ટિક હોય તે ફેંકવાને બદલે ભેગું કર્યું. વર્ષને અંતે એવી સાડાચાર હજાર ચીજો ભેગી થઈ. 'મારા માટે આ પ્રયોગ આંખ ઉઘાડનારો હતો. મેં ગણતરી માંડી - આમાનું ૯૩ ટકા પ્લાસ્ટિક સિંગલ યૂઝ એટલે કે એક જ વાર વાપરી શકાય તેવું હતું. મને સમજાયું કે અમર્યાદ ઉત્પાદન અને અમર્યાદ ઉપભોગના રોગચાળાને લીધે માણસને જે વસ્તુની જરૂર નથી તે તેની પાસે ખરીદાવવાના પ્રપંચ ચાલી રહ્યા છે.' પોતાના આ પ્રોજેક્ટને તે મેળાવડાઓમાં ને શાળાઓમાં લઈ જવા માગે છે ને લોકોને પ્લાસ્ટિકથી મુક્ત થવા માટેની પ્રેરણા આપવાનું કામ કરવા માગે છે.

'ઝીરો વેસ્ટ'ની બ્લોગર લોરેન સિંગર 'કચરો એ બેદરકારીની નિશાની છે' હેઠળ બ્લોગ લખે છે અને 'ધ સિમ્પલી' નામની શૂન્ય કચરો ઉત્પન્ન કરનારી કંપનીની સ્થાપક છે. 'હું ૨૩ વર્ષની છું, ન્યૂયોર્કમાં રહું છું અને છતાં હું કચરો પેદા કરતી નથી. મારી પાસે કચરાપેટી નથી. છેલ્લાં બે વર્ષમાં મેં કુલ ૫૦૦ ગ્રામ કચરો જ પેદા કર્યો છે.' માનવામાં ન આવે એવી વાત છે, પણ સાચી છે. આ શક્ય બન્યું છે તેની જીવનશૈલીને લીધે. 'હું પોતાને પર્યાવરણપ્રેમી માનતી હતી, પર્યાવરણ વિશેના વાર્તાલાપમાં ભાગ લેતી ને વગરવિચાર્યે પ્લાસ્ટિક વાપર્યે જતા લોકો પર ગુસ્સે થતી. પણ એક દિવસ મેં જોયું કે મારું ફ્રીજ પ્લાસ્ટિકના ડબાઓથી ને પ્લાસ્ટિકમાં વીંટાળેલી વસ્તુઓથી ભરેલું છે ને હું ચોંકી ગઈ - મારો પર્યાવરણપ્રેમ નર્યો દંભ છે શું? એ જ ક્ષણે મેં પ્લાસ્ટિકમુક્ત જિંદગીનો સંકલ્પ કર્યો.'

પણ પ્લાસ્ટિકને છોડવું એટલે આખી જિંદગી નવેસરથી જીવવી. ટૂથપેસ્ટથી માંડી સફાઈની, ખોરાકની ને વપરાશની તમામ વસ્તુ પ્લાસ્ટિક વગર મેળવવી ને સાચવવી સહેલી ન હતી. તેણે ઈન્ટરનેટ પર શોધ ચલાવી. તેના જેવા લોકો મળી આવ્યા. લોરેન હવે પોતાના થેલા ને ડબા લઈ ખરીદી કરવા જાય છે. સાબુ વગેરે સફાઈની ચીજો અને સૌંદર્ય પ્રસાધનો જાતે બનાવી લે છે. વધારાની વસ્તુઓનો નિકાલ કરી દીધો છે. 'હું હવે અગાઉ કરતાં વધારે પૈસા બચાવી શકું છું. આરોગ્યપ્રદ ભોજન ખાઉં છું, કપડાં વગેરેનો પથારો ઓછો થયો છે અને હું વધારે ખુશ-હળવી છું. કચરો નહીં પેદા કરવાના જાગૃતિભર્યા નિર્ણયે મારી જિંદગી બદલી નાખી છે.'

સેવર્ન સુઝુકી કેનેડાની રહીશ છે. ૧૯૯૨માં એન્વાયર્નમેન્ટલ ચિલ્ડ્રન ઓર્ગેનાઈઝેશન તરફથી તેણે બ્રાઝિલમાં વક્તવ્ય આપ્યું ત્યારે તે માત્ર બાર વર્ષની હતી. તેણે કહ્યું, 'અમે બાળકો અમારા ભવિષ્ય માટે લડી રહ્યા છીએ.' ઓઝોનના પડમાં ગાબડાં પડી ગયાં છે. પ્રાણીઓની પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે. શ્વાસ લઈએ છીએ તો કોણ જાણે કેટલું પ્રદુષણ ફેફસાંમાં જાય છે. અમારાં સંતાનોને જંગલ અને પતંગિયાં જોવા મળશે કે કેમ તે હું જાણતી નથી. વડીલો, આ બધું છતાં તમે માનો

છો કે તમારી પાસે સમય છે અને ઉકેલ પણ છે. મારા દેશ કેનેડામાં પુષ્કળ ખોરાક, પાણી, રહેઠાણ ને સગવડ છે. અમે ખૂબ બગાડ કરીએ છીએ, પણ કોઈ સાથે કશું વહેંચતા નથી. બે દિવસ પહેલા બ્રાઝિલનો એક ગરીબ બાળક કહેતો હતો- જો હું પૈસાદાર હોત તો બધા ગરીબ બાળકોને ખાવાનું, કપડાં, દવાઓ અને પ્રેમ આપત. જેની પાસે કશું નથી તે બધાને વહેંચવા માગે છે. આપણી પાસે બધું જ છે પણ આપણે લોભી છીએ. સેવર્ન સુઝૂકી અત્યારે ધ સ્કાયફિશ પ્રોજેક્ટ ચલાવે છે અને પર્યાવરણનાં ક્ષેત્રે કામ કરે છે.

૩૨ વર્ષની રાજેશ્વરી સિંહે પર્યાવરણ માટે વડોદરાથી દિલ્હીની પગપાળા યાત્રા કરી છે. ૨૨ એપ્રિલથી શરૂ થયેલી ૧૧૦૦ કિલોમીટરની આ યાત્રા ૬ અઠવાડિયા ચાલી અને ગુજરાત, રાજસ્થાન, હરિયાણાનાં ૨૧ શહેરોમાં થઈ ૫ જૂને દિલ્હી પહોંચી . તે છેલ્લાં દસ વર્ષથી પ્લાસ્ટિકમુક્ત જીવન જીવે છે. પ્રવાસ દરમ્યાન પ્લાસ્ટિક બોટલના પાણીના બદલે સ્થાનિક પાણી પીતી રાજેશ્વરી કહે છે, 'જો હું બોટલમાં પેક થયેલું પાણી પીતી હોત તો જુદાં જુદાં સ્થળનાં પાણીના વિવિધ સ્વાદ વિશે અજાણ જ રહી જાત.'

ભારત દર વર્ષે ૬૨૦ લાખ ટન ઘન કચરો ઉત્પન્ન કરે છે. તેમાંના ૪૩૦ લાખ ટન ઉપાડવામાં આવે છે, જેમાંથી ૧૨૦ લાખ ટન 'ટ્રીટ' થાય છે. બાકીનાનો ઉકરડો બને છે. નિષ્ણાતો કહે છે કે ૨૦૫૦માં ભારત ૪૩૬૦ લાખ ટન કચરો પેદા કરતું હશે. 'ખરીદો, વાપરો ને ફેંકો' ને બદલે 'બનાવો, વાપરો ને પાછું આપો' ની વ્યવસ્થા અપનાવવાનો સમય આવી ગયો છે.

**- સોનલ પરીખ, સૌ. જન્મભૂમિ પ્રવાસી.**

## ''ઓક્ષીટોસીન'' બંધી

ભારત સરકારે એક નોટીફીકેશન બહાર પાડીને જણાવ્યું છે કે ૧લી જુલાઈથી ''ઓક્ષીટોસીન'' અને તેના ફોર્મ્યુલેશનનું ઉત્પાદન ફક્ત કર્ણાટક સ્થિત કર્ણાટક એન્ટીબાયોટીક અને ફાર્માસ્યુટીકલ કંપની જ કરી શકશે અને તેને પોતાનું ઉત્પાદન સંબધિત હોસ્પીટલ અને ક્લીનીકને ડાયરેક્ટ વેચવાનું રહેશે. રીટેલ કેમીસ્ટ તેનું વેચાણ નહી કરી શકે. આ પહેલા સરકારે ઓક્ષીટોસીન અને તેના ફોર્મ્યુલેશનની આયાત પર પ્રતિબંધ જારી કર્યા હતા. ''ઓક્ષીટોસીન'' એક એવુ રસાયણ છે જેનો દુરુપયોગ ખુબજ મોટા પ્રમાણમાં ડેરી ઈન્ડસ્ટ્રીમાં થતો હતો. દૂધાળા ગાય અને ભેંસને ઓક્ષીટોસીનના ઈન્જેક્શન આપી તેનું દૂધ ઉત્પાદન વધારવામાં આવતુ. દૂધનું ઉત્પાદન તો વધતુ, પરન્તુ ગાય-ભેંસને અતીશય વેદના થતી (પ્રસુતિની પીડા વખતે થાય તેવી) વળી આ રસાયણનાં કેટલાક ઘટકો દૂધમાં દાખલ થતા આ દૂધ પીનારના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થતો. વળી કેટલાક લોભી ખેડૂતો ઓક્ષીટોસીનના ઈજેન્કશન આપીને દૂધી જેવા શાકભાજીનું રાતોરાત વજન વધારીને સવારના માર્કેટમાં તે વેચી દેતા. વિચારો, આવી દૂધી ખાઈને તમારા સ્વાસ્થ્યને કેટલી હાની પહોંચે? આશા રાખીએ આ પ્રતિબંધ બાદ ઓક્ષીટોસીનનાં દુરુપયોગ ઘટી જાય, દુધાળા પ્રાણીઓ અસહ્ય વેદનામાંથી બચી જાય અને આપણને ઓક્ષીટોસીન મુક્ત દૂધી ખાવા માટે ઉપલબ્ધ થાય.- **પ્રે. શાંતિલાલ ગડા.**

**નોંધ: ઓક્ષીટોસીન બંધીનું શ્રેય મેનકા ગાંધીને જાય છે. વરસોથી પ્રધાનો સાથે થાક્યાવગર ખૂબ માથાકૂટ કરી ત્યારે આ સફળતા મળી છે. ફરી મેડીકલ સ્ટોર્સ કે અન્ય રીતે ગેરકાયદેસર પણ ન મળે તે જોવું રહ્યું.**

## "परमात्मा का मोबाईल" लगाया कभी?

१) "परमात्मा" का नम्बर कभी "एंगेज" नही आता चाहे एक साथ लाखो करोड़ो लोग बात करे।

२) "परमात्मा" का नम्बर कभी "स्विच ओफ" नही होता चाहे कितनी ही देर बात करे।

3) "परमात्मा" का नम्बर कभी "कवरेज क्षेत्र"से बाहर नही आता चाहे आप कही भी चले जाए। सब जगह इसका 'फुल नेटवर्क' आता है।

4) "परमात्मा" से कितनी भी बात कर ले आपकी बैटरी डिस्चार्ज नही होगी बल्कि जितनी बात करेंगे उतनी ही फुल चार्ज होगी।

5) "परमात्मा" से बात करने के लिए सब जगह रोमिंग फ्री है।

"परमात्मा" का नम्बर है... "Meditation"

**સ્વર્ગનું સપનું છોડી દો, નર્કનો ડર છોડી દો.**
**કોને ખબર, શું પાપ અને શું પૂણ્ય**
**બસ એટલું ધ્યાન રાખો કે**
**પોતાના સ્વાર્થ ખાતર કોઈનું અહિત ન થાય**
**બાકી બધું કુદરત પર છોડી દો.**

## લવાજમ બાકી છે તે ગ્રાહકોના નંબર*

**આ લીસ્ટમાં એવા ગ્રાહકોના નંબર છે કે જેમણે એક કે બે વાર લવાજમ ભરેલ છે. પણ તે રૂા.૩૦૦/- થી વધારે નથી. એમણે લવાજમ Due સમજવું.**

**મલાડ (પશ્ચિમ) Code-MLDW -** 1, 2, 3, 4, 5, 7, 9, 10, 12, 16, 17, 18, 20, 21, 22, 23, 24, 26, 27, 28, 29, 30, 31, 33, 36, 37, 38, 40, 44, 45, 46, 47, 49, 50, 51, 52, 53, 54, 55, 56, 58, 59, 60, 61, 62, 63, 64, 65, 66, 67, 69.

**મલાડ (પૂર્વ) Code-MLDE –** 1, 3, 4, 5, 6, 8, 9.

**નવી મુંબઈ Code-NVMB –** 2, 3, 4, 6.

**પાલઘર Code-PL –** 02, 04, 07, 09, 10, 15.

**મહારાષ્ટ્ર Code-MH-**02,04, 09, 10, 11, 12, 15.

**બીજા રાજ્યો Code-OS –** 02, 03, 04, 05, 11, 12, 14, 15, 16, 17, 19, 21, 22, 23, 27, 28, 30.

**થાણે Code-TH-**01,02,03,04,05,06,07,08,09.

**મુંબઈ લોકલ Code-MB –** 01, 02, 03, 04, 05, 11, 12, 16, 17, 18, 19, 21, 22, 23, 24, 26, 28, 29, 30, 31, 34, 35, 38, 39, 40, 43, 44, 46, 48, 49, 51, 52, 53, 54, 57, 58, 59, 60, 61, 63, 64, 65, 67, 68, 70, 71, 72, 73, 74, 75, 76, 77, 81, 82, 83, 84, 85, 87, 88, 89, 90, 91, 92, 93, 94, 95, 96, 97, 100, 101, 103, 105, 107, 108, 109, 110, 111, 115, 118, 119, 121, 122, 123, 124, 127, 128, 129, 133, 134, 135, 138, 141, 144, 146, 147, 148, 149, 150, 152, 154, 155, 156, 158, 161, 162, 164, 165, 166, 171, 172, 175, 176, 177, 179, 180, 181, 182, 184, 185, 186, 187, 188, 189, 190, 192, 194, 195, 196, 197, 198, 199, 200, 203, 205, 206, 207, 208, 211, 214, 217, 218, 219, 220, 221, 222, 223, 224, 225, 226, 227, 228, 230, 231, 233, 234, 235, 236, 237, 238, 239, 240, 241, 242, 243, 244, 245, 247, 248, 249, 250, 253, 254, 255, 259, 260, 261, 262, 264, 265, 266, 267, 268, 269, 270, 272, 273, 275, 276, 277, 278, 279, 280, 281, 282, 284, 285, 286, 288, 291, 292, 293, 294, 296, 297, 298, 299, 300, 301, 303, 304, 305, 306, 307, 308, 309, 310, 312, 313, 314, 316, 317, 318, 319, 320, 322, 323, 324, 325, 329, 331, 332, 333, 334, 336, 337, 338, 339, 340, 341, 342, 344, 345, 347, 348, 349, 351, 352, 353, 355, 357, 358, 359, 360, 361, 362, 363, 365, 366, 368, 369, 370, 371, 372, 373, 374, 375, 376, 377, 378, 379, 380, 381, 382, 383, 384, 385, 386, 387, 388, 389.

**ગુજરાત Code-GJ –** 501, 502, 505, 507, 508, 511, 512, 514, 523, 524, 525, 526, 534, 536, 537, 539, 540, 542, 544, 545, 546, 547, 548, 549, 550, 551, 557, 566, 567, 569, 572, 573, 580, 582, 584, 588, 589, 591, 592, 593, 595, 608, 609, 612, 615, 616, 617, 618, 619, 620, 622, 623, 624, 626, 628, 630, 635, 636, 637, 638, 641, 643, 644, 645, 646, 647, 650, 651, 652, 653, 654, 655, 657, 658, 659, 660, 661, 663, 664, 665, 666, 667, 668, 669, 670, 671, 673, 674, 675, 676, 679, 682, 685, 686, 687, 688, 689, 690, 691, 692, 693, 694, 695, 696, 697, 698, 699, 700, 701, 702, 703, 704, 706, 709, 710, 711, 712, 713, 715, 716, 717, 719, 720, 721, 722, 723, 724, 727, 729, 730, 731, 732, 733, 734, 739, 740, 741, 742, 743, 745, 747, 753, 754, 755, 756, 757, 758, 759, 760, 763, 764, 765, 766, 768, 770, 772, 773, 775, 776, 778, 779, 780, 781, 782, 783, 785, 786, 787, 788, 789, 790, 793, 794, 795, 796, 797, 798, 799, 800, 801, 802, 803, 804, 805, 806, 807, 808, 809, 810, 813, 814, 815, 816, 817, 818, 819, 820, 821, 822, 823, 824, 825, 826, 827, 828, 829, 830, 831, 832, 833, 834, 835, 836, 837, 839, 840, 841, 842, 843, 844, 845, 846, 847, 848, 849, 850, 851, 852, 853, 854, 855, 858, 859, 860, 861, 862, 863, 865, 866, 867, 868, 869, 870, 871, 872, 876, 877, 878, 879, 880, 881, 882, 883, 884, 885, 886, 888, 891, 892, 893, 894, 895, 903, 904, 905, 908, 911, 912, 913, 914, 917, 918, 919, 920, 921, 922, 923, 926, 929, 930, 931, 934, 935, 936, 937, 938, 939, 940, 941, 942, 943, 946, 947, 948, 949, 950, 951, 952, 953, 956, 957, 958, 960, 962, 964, 967, 969, 970, 971, 972.-

**તંત્રી, રમેશભાઈ દોશી**

*** લીસ્ટ તા.૨૧ જુલાઈ સુધી મળેલ લવાજમ પર આધારિત છે.**

> लोग कहते है, पैसा रखो, बुरे वक्तमें काम आयेगा
> मैं कहता हूँ, खूदा पर यकीन रखो, बुरा वक्त ही नहीं आयेगा

## વાંચકોના પત્ર

આદરણીય પૂ.શ્રી. રમેશભાઈ,

''ગોરક્ષાપાત્ર'' નિયમીત વાંચુ છું, વંચાવું છું અને તેના વિશે પ્રસંગોપાત લોકો સાથે વાત પણ કરૂં છું.

ખૂબ સુંદર વાંચન મળે છે. ચૂંટી ચૂંટીને લખાણ આવે છે અને દિલને સ્પર્શ કરે તેવા પ્રસંગો વાંચવા મળે છે. આવા સરસ સાહિત્યની લહાણી કરતા રહેશો. અભિનંદન! તમારા સહકાર્યકરોને પણ મારી શૂભેચ્છા પાઠવશો. **- લીલાબેનના સવિનય પ્રણામ**

---

**અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...**

સાંજે છ વાગે મજુરી લેવા બધાની સાથે લાઈનમાં ઉભા રહી રાહત કામગીરીના મસ્ટરમાં સહી કરી સોળ રૂપિયા અને સાંઈઠ પૈસા લીધા. (આ રેકોર્ડ હજી મોજુદ છે).. તે દીવસે કામ કરનાર દુષ્કાળગ્રસ્તોને થાક લાગ્યો ન હતો, તેમના માટે એ મજુરીનો દીવસ આનંદમય સંભારણું હતો.

આને અભિનેતા કહેવો કે નેતા... ?

આજે ગુજરાતમાં ખેત તલાવડીઓ ઉંડી કરાય છે, કેટલાક મંત્રીઓ, નેતાઓ ત્યાં દોઢ કરોડની ગાડી લઈને તો કોઈ અજીબ મુસ્કાન સાથે પાછળ મજુરો આવે એ રીતે સેલ્ફી પડાવવા જાય છે, આને મંત્રીશ્રીઓનું શ્રમદાન કહેવાય છે.

આ નેતાઓ કોઈ દુષ્કાળના સેટ પર અભિનેતા જાય તેમ જાય છે. ત્યારે અભિનેતાએ વાસ્તવમાં કરેલ નેતાનો રોલ યાદ આવી ગયો. સલામ ઉપેન્દ્રભાઈ...

**(ઈન્ટરનેટ પરથી) પ્રે. રમેશભાઈ દોશી**

## લવાજમ સંબંધી સૂચના

૧. જે ગ્રાહકોના નંબર પાના નં.૧૪ પર છપાયેલા છે તેમણે પોતાનું લવાજમ ૧૫મી ઓગષ્ટ સુધીમાં ભરી દેવું. ૧૫મી ઓગષ્ટ પછી લવાજમ ભરનારને સપ્ટેમ્બરનો અંક સિલકમાં હશે તો જ મળશે, અન્યથા તેમને ઓક્ટોબર ૨૦૧૮ સુધી રાહ જોવી પડશે.

૨. ઘણા ગ્રાહકો લવાજમ ONLINE કે બેન્કમાં રોકડા ભરે છે પરન્તુ તેમના નામ, પાસબુકમાં REFLECT નથી થતા તો ગ્રાહકોને વિનંતિ કે લવાજમ ભર્યા બાદ આપનું નામ, ગામ, ગ્રાહક નંબર અને લવાજમની રકમ WHAT'S APP NO.7506750251 અથવા 9323412471 પર જણાવવા વિનંતિ

## ગમતાંનો કરીએ ગુલાલ

ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ ....... (૨)
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી
પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમંદરની લ્હેર લાખ સૂંણી ક્યાંય સાંકળી ?
ખાણ ખાબોચિયાને બાંધી બેસાય,
આ તો વરસે ગગનભરી વ્હાલ..... ગમતાનો કરીએ
ગાંઠે ગરથ બાંધી, ખાટી શું જિન્દગી ?
સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?
આવે તે આપ કરી પળમાં પસંદગી,
મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી...
ને વેર્યે ફોરમનો ફાલ ....... ગમતાનો કરીએ
આવી મળ્યું, તે દઈશ આંસુડે ધોઈને
ઝાંઝેરું જાળવ્યું તે વ્હેલેરું ખોઈને,
આજ પ્રાણ જાગે તો પૂછવું શું કોઈને ?
માધવ વેચંતી વ્રજનારીની સંગ,
તારા રણકી ઉઠે કરતાલ ...... ગમતાનો કરીએ

**- શ્રી મકરંદ દવે, પ્રે. મનોજ રાજગુરુ**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. લીલાબેન શાહ | ઘાટકોપર | ૨૦૦/- |
| ૨. ઉષાબેન આર. ઝવેરી | મુંબઈ | ૧૦૦/- |
| ૩. શકુંતલા એમ. શાહ | મુંબઈ | ૧૦૦/- |
| ૪. મીનાબેન પારેખ | અંધેરી | ૨૦૦/- |
| ૫. લવજીભાઈ ચૌધરી | ગઢા | ૨૦૦/- |
| ૬. રજની દવે | અમદાવાદ | ૨૦૦/- |
| ૭. રસેન્દુ શુક્લા | બેંગ્લોર | ૨૦૦/- |
| ૮. ડી.એચ. પંડ્યા | બોરીવલી | ૨૦૦/- |
| ૯. નામ મોકલેલ નથી | | ૨૦૦/- |
| ૧૦. વિનોદ દોમડિયા | મુંબઈ | ૧૦૦/- |

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર, બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા, મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪. ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી. Bank Code: IFSC : UTBI0MLD625**

**ખોટા પાસવર્ડથી એક નાનો અમથો મોબાઈલ નથી ખૂલતો, તો ખોટા કર્મ કરવાથી મોક્ષના દરવાજા ખુલશે કે ? જરા નિરાંતે વીચારજો.**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## શ્રમદાન

હાલ સરકારશ્રી સુભલામ સુફલામ યોજના હેઠળ તલાવડીઓ ઉંડી કરાવી રહી છે. મૂખ્યમંત્રી, મંત્રીઓ આ કામ માટે ગામે ગામ જાય છે, તલાવડીમાં ત્રીકમના બે ઘા મારે છે, આને કામનું ‘ખાતમુહૂર્ત’ નથી કહેતા, પણ ‘શ્રમદાન’ કર્યું એમ કહે છે.

નડીયાદ તાલુકાના આખડોલ ગામે હમણાં મુખ્યમંત્રી આવ્યા હેલીકોપ્ટરમાં અને પંદર મીનીટમાં શ્રમદાન કરી નીકળી ગયા હેલીકોપ્ટરમાં, આજે આને શ્રમદાન કહે છે,

આવો, સાચો શ્રમદાન કોને કહેવાય; એ જોઈએ આજથી પચ્ચીસેક વર્ષ પહેલાંની વાત છે.

ઉપેન્દ્ર ત્રિવેદીની ફીલ્મી કેરીયર વધતી ઉમરને કારણે લગભગ સમાપ્તિના આરે હતી. હા, એમની ગ્રામ્ય સમાજમાં લોકપ્રિયતા જળવાઈ રહેલી, અને એ લોકપ્રિયતાના જોરે એમને સાબરકાંઠા વિસ્તારમાં ભિલોડા વિધાનસભાની ટીકીટ મળી, અને તેઓ ચુંટાયા. ત્યારે દુષ્કાળ જેવી પરીસ્થીતીમાં ભિલોડા વિસ્તારને રાજ્યસરકારે દુષ્કાળ અસરગ્રસ્ત જાહેર કર્યો. અને આ વિસ્તારના લોકોને ન્યુનત્તમ રોજગારી મળે તે માટે ત્યાં સરકારે તળાવને ખોદીને ઉંડુ કરવાની કામગીરી શરૂ કરી.

રાહત કામની એક સવારે દશ વાગ્યાની આસપાસ તળાવ ખોદવાની મજુરી માટે આ અરવલ્લી વિસ્તારના આસપાસના દુષ્કાળગ્રસ્ત લોકો પાવડા તગારાં લઈને આવવા લાગ્યા, સવાર સવારમાં જ આ સુક્કીભઠ્ઠ ધરતી પર સુરજ દાદાની ૪૨ ડીગ્રીની અગન-જવાળાઓ દેહ દઝાડતી હતી.

ત્યારે જ ત્યાં એક એમ્બેસેડર ગાડી આવી, તેમાંથી લગભગ પચાસેક વર્ષની ઉમરના એક ભાઈ ઉતર્યા, અને રાહત કામ કરનારું આખું ટોળું કામ રહેવા દઈ ને એમને ઘેરી વળ્યું.

હા, એ એમના મતવિસ્તારના ધારાસભ્ય ઉપેન્દ્ર ત્રિવેદી હતા. પણ ધારાસભ્ય કરતાંય લોકોને અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીમાં વધુ રસ હતો. બધાને પ્રેમથી નમસ્કાર કરી ઉપેન્દ્રભાઈએ કહ્યું.. ‘‘મને જોવામાં, મળવામાં સમય ન બગાડો, હું આખો દીવસ તમારી સાથે છું, બધાને વ્યક્તિગત મળીશ, કામે લાગો...’’

ત્યાં કામગીરીની દેખભાળ રાખનાર તલાટી પાસે રાહત કામગીરીના મજુરોમાં પોતાનું નામ લખાવી, પાવડો કોદાળી લઈને લોકો સાથે કામમાં જોડાયા. માટી ખોદી તગારામાં ભરી તળાવની પાળે નાખવાની હતી.

આજે દુષ્કાળગ્રસ્તો દુકાળ ભુલ્યા, એમનામાં એક અનેરો ઉત્સાહ હતો, કેમ કે પડદા પર જોયેલો જેશલ જાડેજો, વિર માંગડાવાળો, માલવપતિ મુંજ, ગોરો કુંભાર, રાજા ગોપીચંદ... એમની સાથે ખભે તગારા ઉંચકતો હતો.

બપોરના એક પીલવાના ઝાડના ઠુંઠા નીચે બધાની સાથે જમ્યા, જમવાનું પણ એ લોકો જે લાવેલા એમાંથી જ બધા જોડેથી બટકું રોટલો લઈને. પોતાની ફીલ્મોના પ્રસીધ્ધ ગીતો ગાતાં ગાતાં લોકોનો ઉસ્સાહ વધારતા માટી ખોદી, તગારાં ઉંચક્યા.

- **અનુસંધાન પાના નં.૧૫ પર**

---

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**



ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

To,